Friday 16, May 2025
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૮ ❖ અંક : ૦૮ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## વાપીમાં ગત વર્ષે વેઠ ઉતારનાર એજન્સીઓને જ ફરી પ્રિ-મોન્સુન વર્કનું કામ સોપાયું !

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૫ :** વાપી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં ઈસ્ટ અને વેસ્ટ માં માત્ર ડ્રેનેજ લાઈન જેમાં બોક્સ અને પાઈપ લાઈનની પ્રી મોનસૂન વર્કની કામગીરી રૂા. ૯૨, ૪૬,૬૩૬માં કરાશે જોકે કામગીરી કરનાર બંને એજન્સીની કામગીરી બરોબર નહીં કરાતી હોવાની બુમરાણ ગત વર્ષે પણ ઉઠવા પામી હતી અને માત્ર ગણતરીના વિસ્તારમાં કામગીરી કરી હોવાની સ્થાનિક લોકોમાં બુમરાણ મચી હતી તેમ છતાં આ વર્ષે પણ આ બંને એજન્સીને કામગીરી સોંપાતા નગરજનોમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે.



પ્રાપ્ત વિગત મુજબ વાપી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં અગામી દિવસોમાં આવી રહેલા ચોમાસા ને ધ્યાને લઈ ઈસ્ટ અને વેસ્ટ બંને બાજુએ પ્રિ-મોન્સૂન કામગીરીની શરૂઆત કરવામાં આવી છે જેમાં મહાનગરપાલિકા દ્વારા ઈસ્ટ વિસ્તારમાં આવેલ ૪૭,૮૫૫ મીટર ની લાંબી બોક્સ ગટર અને પાઈપલાઈન વાળી ગટર તેમજ ખુલ્લી ગટરના સાફ સફાઈ માટેનો કોન્ટ્રાકટ અનંતશેશાં કન્સ્ટ્રક્શન નામની કંપનીને ૪૬,૨૩, ૩૧૮ રૂપિયા અને વેસ્ટ વિસ્તારમાં આવેલ ૩૯ ૫૨૫ મીટર લાંબી બોક્સ ગટર પાઈપલાઈન ની ડ્રેનેજ તથા ખુલ્લી ગટર અને કેટલીક કુદરતી ખનકીની સાફ-સફાઈ કરવા માટેનો કોન્ટ્રાકટ ગુરુજી કન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમિટેડ નામની એજન્સીને આપવામાં આવ્યો છે. આમ વાપી મહાનગરપાલિકાના જોન માં આવેલ ચલા વિસ્તાર રોહિતવાડથી જનસેવા હોસ્પિટલ સુધીનો વિસ્તાર કબ્રસ્તાન રોડ મચ્છી માર્કેટ વાપી મેન બજાર અલકાપુરી સોસાયટી દેસાઈવાડ અને નેહરુસ્તી જ્યારે ઈસ્ટ ઝોનમાં વાપી જીઆઈડીસી ચાર રસ્તા સરસ્વતીનગર ગીતા નગર હરિયા પાર્ક મોટી સુલપદ ડુંગરા ડુંગરી ફળિયા વિસ્તારમાં કામગીરી કરવામાં આવશે જ્યારે અન્ય વિસ્તારોમાં પ્રિ-મોન્સૂન કામગીરી કેમ કરવામાં નહીં આવી રહી છે તથા વાપી મહાનગરપાલિકામાં સમાવેશ કરાયેલા ૧૧ ગામોમાં એટલે કે રૂરલ વિસ્તારમાં મળી કુલ ૨૪૮ જેટલા પોઈન્ટ ઉપર સાફ-સફાઈ કરવામાં આવશે.

જોકે અનંતશેષા કન્સ્ટ્રકશન અને ગુરુજી કન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમિટેડ નામની એજન્સી એક જ માલિકની છે અને છેલ્લા ઘણા સમયથી વાપી નગરપાલિકા અને ત્યારબાદ વાપી મહાનગરપાલિકા બન્યા બાદ પણ આ એજન્સી ના પેટા કોન્ટ્રાક્ટર દ્વારા કામગીરી વાર્ષિક કોન્ટ્રાક્ટ થી ડ્રેનેજ લાઈન સાફ કરવાની કામગીરી પણ કરી રહી છે પરંતુ દર વર્ષે ડ્રેનેજ માત્ર નામ પૂરતું સાફ-સફાઈ કરે છે જેને લઈ ચોમાસા દરમિયાન ગટરો ઉભરાતી જોવા મળી રહી છે પરંતુ હાલમાં મ્યુનિસિપલ કમિશનર યોગેશ ચૌધરી અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર અવિનાશ પાઠક તેમજ આસ્થાબેન સોલંકી દ્વારા આ પ્રિ-મોન્સુન કામગીરી કરતી એજન્સી ની કામગીરી ઉપર સતત ધ્યાન આપે તેવી નગરજનો ચર્ચા કરી રહ્યા છે.

## કચીગામથી મોબાઈલ ચોરીના પાંચ આરોપી ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૧૫ :** ક્રાઈમ બ્રાન્ચ અને કચીગામ પોલીસે મોબાઈલ ચોરીના કેસમાં પાંચ લોકોની ધરપકડ કરી છે. દમણ પોલીસે જણાવ્યું કે ધરપકડ કરાયેલા આરોપીઓ આંતરરાજ્ય ગેંગ સાથે સંકળાયેલા છે. દમણની સાથે, તે વાપી અને મુંબઈમાં પણ ચોરીના ગુનાઓમાં સંડોવાયેલો છે. ૭ મેના રોજ કચ્છીગાંવ ચાર રસ્તા પાસે આવેલી એસએસ ટેલિકોમની દુકાનમાંથી તે ચોરાઈ ગયું હતું. દુકાનના માલિક સમીર ચુનરે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. તેમણે જણાવ્યું કે દુકાનમાંથી ૧૦ મોબાઈલ ફોન, ૬૭,૫૦૦ રૂપિયા રોકડા અને



૧૨,૦૦૦ રૂપિયાની કિંમતના મોબાઈલ એસેસરીઝની ચોરી થઈ છે. આ બધાની કિંમત ૨ લાખ ૧૦ હજાર રૂપિયા છે. સીસીટીવી કેમેરા અને બાતમીદારો પાસેથી મળેલી માહિતીના આધારે ક્રાઈમ બ્રાન્ચ અને કચ્છીગાંવ પોલીસે મુંબઈના રહેવાસી આઝાદ મુશ્તાક પઠાણની ધરપકડ કરી હતી. તેમણે ચોરીમાં સંડોવાયેલા અન્ય ચાર વ્યક્તિઓના નામ આપ્યા છે. જેમાં દિવાન સિંહ થોમ્મર, રાજપતિ સંતરામ પાલ, શંકર રામદયાલ મૌર્ય, શિવમ પાંડેનો સમાવેશ થાય છે. તેઓ મહારાષ્ટ્રના થાણે અને વસઈના રહેવાસી છે. આરોપીઓ પાસેથી ૨૦ મોબાઈલ ફોન, ૧ ઈયરબડ, ૨ સ્માર્ટ ઘડિયાળ, લોખંડનો સળિયો અને સ્ક્રુડ્રાઈવર મળી આવ્યા છે. પાંચેય આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા જ્યાં ત્રણ દિવસનો પોલીસ ડિમાન્ડ મળ્યો હતો.

**REQUIRED**

Required 10 to 20 Acr Industrial NA LAND In and around Valsad/Navsari District Daman/Dadra & Nagar Haveli for Pharmaceutical Industries

Contact:-9824103685



જિલ્લા, સંઘપ્રદેશમાં ખેડૂતોએ આગામી ચોમાસાને ધ્યાનમાં લઈ ખેતરમાં વાવણીની પૂર્વ તૈયારી કરી દીધી છે.


## વલસાડ જિલ્લામાં ૨૦ મે સુધી વરસાદની આગાહી

**વલસાડ, તા. ૧૫ :** વલસાડ જિલ્લામાં તા.૧૫-૦૫-૨૦૨૫ થી તા.૨૦-૦૫-૨૦૨૫ દરમિયાન છુટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી હવામાન ખાતા દ્વારા કરવામાં આવી છે. આવા સમયે વાદળછાયું વાતાવરણ અને વરસાદને અનુલક્ષીને ખેડૂતો પાકના રક્ષણ માટે ઉચિત પગલાં લેતા જ હોય છે, તેમ છતાં નીચે મુજબના તકેદારીનાં પગલા લેવા જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા જિલ્લાના ખેડૂતોને સંદેશ આપવામાં આવ્યો છે.


(૧) કમોસમી વરસાદથી થતા પાક નુકશાનીથી બચવા માટે ખેડુતોના ખેત ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલ પાક ખુલ્લા હોય તો તેને તાત્કાલીક સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવી, અથવા પ્લાસ્ટિક/તાડપત્રી થી યોગ્ય રીતે ઢાકી દેવું અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું. (૨) જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ આ સમયગાળા પુરતો ટાળવો (૩) ખાતર અને બિયારણના વિક્રેતાઓએ જથ્થો પલળે નહી તે મુજબ ગોડાઉનમાં સુરક્ષિત રાખવો અને (૪) એ.પી.એમ.સી.માં વેપારી અને ખેડુત મિત્રોએ કાળજી રાખી આગોતરા સાવચતીના પગલા લેવા અનુરોધ કરવામાં આવે છે. એ.પી.એમ.સી.માં અનાજ અને ખેતપેદાશો સુરક્ષિત રાખવા. એ.પી.એમ.સી.માં વેચાણ અર્થે આવતી પેદાશો આ દિવસો દરમિયાન ટાળવી અથવા સુરક્ષિત રાખવી. આ અંગે વધુ જાણકારી માટે આપના વિસ્તારના ગ્રામસેવક / વિસ્તરણ અધિકારી / તાલુકા અમલીકરણ અધિકારી / મદદનીશ ખેતી નિયામક(તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક(તાલીમ), ધ્સ્ઽ અથવા કિસાન કોલ સેન્ટર ટોલ ફ્રી નંબર - ૧૮૦૦૧૮૦૧૫૫૧ નો સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.


દમણગંગા ટાઈમ્સને ૨૮મા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે હાર્દિક શુભેચ્છા...





શ્રીમતી ઉર્વશીબેન રોહનભાઈ પટેલ
(ચેરમેનશ્રી
ડિસ્પેન્સરી કમિટી
વલસાડ નગરપાલિકા)





અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય




રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ સમાવિષ્ટ ૭૭ લાખથી વધુ રેશનકાર્ડ ધારક કુટુંબોની ૩.૭૧ કરોડ જનસંખ્યાને

મે-૨૦૨૫ માસમાં મે અને જૂન-૨૦૨૫ મહિનાનું વિતરણ તારીખ ૩૧/૦૫/૨૦૨૫ સુધી ચાલુ રહેશે.

PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત મે-૨૦૨૫ માસના ઘઉં અને ચોખાના વિનામૂલ્યે વિતરણની જાણકારી.

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો |
|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. |

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત જૂન-૨૦૨૫ માસના ઘઉં અને ચોખાના વિનામૂલ્યે વિતરણની જાણકારી.

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો |
|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. |

મે-૨૦૨૫ રાજ્ય સરકારની ખાંડ, મીઠાના રાહતદરે વિતરણ સંબંધિત યોજનાઓની અગત્યની જાણકારી

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિલો.ગ્રા.₹ |
|---|---|---|---|---|
| ૧ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૧૫ |
| ૨ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૩ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

અગત્યની સૂચના

- મે માસમાં PMGKAY (NFSA) યોજના હેઠળનો મે અને જૂન માસનો ઘઉં અને ચોખાનો જથ્થો તથા રાજ્ય સરકાર તરફથી વિતરીત કરવામાં આવતા મે માસના ખાંડ અને મીઠાના જથ્થાનું વિતરણ મે માસમાં કરવામાં આવશે. જેના માટે દરેક કાર્ડધારકે કુલ-૩ વાર આધાર આધારિત ઓથેન્ટિકેશન કરવાનું રહેશે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પર થી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

શ્રી કુંવરજીભાઈ બાવળીયા
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઇન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકાશે.

# આહવામાં તિરંગા યાત્રા દેશ ભક્તિના નારાથી ગુંજી



**આહવા, તા. ૧૫ :** જમ્મુ-કાશ્મીરના પહેલગામ ખાતે નિર્દોષ પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલાની ઘટના બાદ ભારતીય સેનાએ 'ઓપરેશન સિંદૂર' દ્વારા મા ભારતીને તથા આપણા તિરંગાને અપાવેલા ગૌરવને વધાવવા ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવાના શહીદ સ્મારક થી ફુવારા સર્કલ, સાપુતારા ચોકડી થી ગાંધી ઉધ્યાન સુધી તિરંગા યાત્રા યોજાઈ હતી. ભારતીય સેનાના સન્માન માટે આયોજિત તિરંગા યાત્રાને વિધાનસભા નાયબ મુખ્ય દંડક વ ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઇ પટેલે ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પ્રસંગે વાસુર્ણા રાજવી ધનરાજસિંહ સુર્યવંશીએ જણાવ્યું હતું કે, આજે ડાંગ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના લોકો સહિત સમગ્ર દેશના લોકો ભારતના જવાનોની વિરતાને બિરદાવી રહ્યાં છે.

આહવામાં યોજાઇ રહેલ ભારતીય જવાનોના શોર્યની ગાથા વર્ણવતી આ તિરંગા યાત્રા પણ આપણને એકતાના સૂત્રમાં બાંધી રાખીને રાષ્ટ્રહિત પ્રથમના ભાવને જાળવી રાખવાનો અવસર પ્રદાન કરે છે. સાથે જ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતે દુનિયાને બતાવી દીધું છે કે ઝીરો ટોલરન્સ અગેઈન્સ્ટ ટેરરિઝમની નીતિને તે કોઈપણ ભોગે વળગી રહેવા પ્રતિબદ્ધ છે.

ડાંગ જિલ્લા ભાજપા પ્રભારી મંત્રી શ્રી રાજેશભાઇ દેસાઇએ જણાવ્યું હતું કે, ભારતીય સેનાએ અદ્દભૂત શૌર્ય સાથે ઁઓપરેશન સિંદૂરઁ હાથ ધરી પાકિસ્તાનના ઘરમાં ઘુસીને આતંકવાદીઓના અડ્ડાઓ પર મિસાઈલ વરસાવી સેંકડો આતંકવાદીઓનો ખાત્મો કર્યો છે. ઁઓપરેશન સિંદૂરઁ ભારતવાસીઓની ભાવનાનું પ્રતિબિંબ છે. ભારતીય સેનાએ પહલગામમાં આતંકવાદી હુમલાનો બદલો લીધો છે. વિશ્વ આખું ભારતના સૈન્ય અને એર ફોર્સની ક્ષમતા અને બહાદુરીથી અચંબિત થઈ ગયા છે.

બહેનોના માથેથી સિંદૂર ઉજાડનાર આતંકીઓના બર્બર કૃત્યનો બદલો લેવાનું વડાપ્રધાનએ દેશને આપેલુ વચન ભારતીય સેનાએ શૌર્ય અને વીરતા સાથે પૂર્ણ કર્યું છે, આતંકવાદીઓને પાળીપોષી રહેલા પાકિસ્તાન પર પ્રહાર કરીને ભારતીય સેનાએ પોતાની અમાપ શક્તિ અને સામર્થ્યનો દુનિયાને પરિચય કરાવ્યો છે.

ભારતીય જવાનોની વીરતા કાજે, આહવા નગરમાં યોજાયેલ તિરંગા યાત્રામાં દેશભક્તિનો નારો ગુંજી ઊઠ્યો હતો.

આ યાત્રામાં ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ નિર્મળાબેન ગાઇન, આહવા તાલુકા પંચાયત પ્રમુખ સુરેશભાઇ ચૌધરી, વઘઈ તાલુકા પંચાયત પ્રમુખ ચંદરભાઈ ગાવિત, સુબિર તાલુકા પંચાયત પ્રમુખ રવિનાબેન ગાવિત સહિતના જિલ્લા અને તાલુકાના સદસ્યો સહીત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતાં.

# બીલીમોરાના દેસરા સ્થિત જય કોરામાં મંદિરનો પાટોત્સવ ઉજવાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા,તા.૧૫ :** બીલીમોરાના દેસરા ખાતે પૌરાણિક કોરામાં માતાજીના મંદિરે બુધવારે સાતમો પાટોત્સવ યોજાયો હતો. સેંકડો માંઇ ભક્તોની હાજરી માં યજ્ઞ,ભજન, મહાઆરતી,મહાપ્રસાદ અને વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે રાસ ગરબાની રમઝટ જામી હતી.

બીલીમોરા નજીક દેસરા ખાતે કોરામાં માતા હાજરાહજૂર બિરાજમાન છે. જે માંઇ ભક્તો માટે આસ્થાનું કેન્દ્ર છે.જેના સાતમા પાટોત્સવ ની બુધવારે શ્રધ્ધાપુર્ણ ધામધૂમથી ઉજવણી કરાઇ હતી. જેમાં સેંકડો ભક્તોએ પૂજા હવન,પૂર્ણાહુતિ મહાપ્રસાદનો લાભ લીધો હતો. આ પ્રસંગે વિવિધ



રંગારંગ સાંસ્કૃતિક કાર્યકમો અને રાત્રે રાસ ગરબાની રમઝટ ના સથવારે ભક્તજનો માતાજી ની ભક્તિમાં લીન બન્યા હતા. દેસરા જય કોરામાં યુવક મંડળે સૌ દાતાઓ અને સ્વયંસેવકોનો દિલથી આભાર વ્યક્ત કર્યો હતો.

# વાંસદાના સિંગાડમાં વિકાસકાર્યો માટે ભૂમિપૂંજન



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાંસદા, તા.૧૫ :** સિંગાડ ગામે ૩૭ લાખના કામોનું ભૂમિ ભજન કરાયું. સીંગાડ ગામે ગામના વિવિધ વિકાસના કામોનું ભૂમિ પૂજન કરવામાં આવ્યું. કામોમાં કાવેરી ફળિયામાં ગટરનું કામ, પ્રાથમિક શાળામાં બ્લોક, કમ્પાઉન્ડ વોલ, કુમાર માટે ટોયલેટ બ્લોક, પાણીની સુવિધા ના કામ,સ્મશાન ભૂમિમાં લાકડા મૂકવા નો ગોડાઉન, રસ્તા પરના નાળા નું કામ તેમજ ગામના વિવિધ રસ્તાનું ભૂમિ પૂજન કરવામાં આવ્યું. આ પ્રસંગે વાંસદા તાલુકા પંચાયતના પ્રમુખ દીપ્તિબેન, વાંસદા મંડળના મહામંત્રી ડોક્ટર લોચન શાસ્ત્રી તેમજ પ્રકાશભાઈ પટેલ, વાંસદા તાલુકા પંચાયતના ઉપપ્રમુખ માધુભાઈ પટેલ, ગામના સરપંચ ઉમાબેન પટેલ, વાંસદા મંડળના ઉપપ્રમુખ વિજયભાઈ પટેલ, ઉપસરપંચ ઉષાબેન, સભ્ય રાધાબેન તેમજ લતાબેન, ગામના વડીલ અશ્વિનભાઈ તેમજ ચંદુભાઈ તથા ગામના આગેવાનો હાજર રહ્યા હતા.

<u>નવસારીમાં જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાઈ</u>

# નવસારી જિલ્લાનાં ૫૧ ગામોમાં વાસ્મોના રૂ.૧૩૨ લાખના યોજનાકીય કામોને બહાલી

**નવસારી, તા.૧૫ :** નવસારી જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક જિલ્લા કલેકટરશ્રી ક્ષિ-ા આગ્રેના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરીના સભાખંડમાં યોજાઈ હતી. જેમાં નવસારી જિલ્લાના ૫૧ ગામોમાં વાસ્મોના રૂ.૧૩૨ લાખના યોજનાકીય કામોને બહાલી આપવામાં આવી હતી. ગ્રામ્ય પાણી પુરવઠા અને સ્વચ્છતા કાર્યક્રમના અમલીકરણ માટે જિલ્લા જલ અને સ્વચ્છતા સમિતિની આ બેઠક આયોજિત કરવામાં આવી હતી. કલેકટરશ્રી ક્ષિ-ા આગ્રેએ વાસ્મોની ગત વર્ષની કામગીરી અને જિલ્લાની પીવાના પાણીની સ્થિતિની સમીક્ષા કરી જરૂરી સૂચનાઓ આપી હતી.



વસ્મોના યુનિટ મેનેજર અને સભ્ય સચિવશ્રી દિપ્તી વસાવાએ વાસ્મો કચેરી હેઠળના મુદ્દાઓ રજૂ કર્યા હતા. જે પૈકી આયોજનના કામોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી . આ ઉપરાંત નવસારી જિલ્લામાં પાણી અંગેની ફરિયાદ માટે ૧૯૧૬ ટોલ ફ્રી નંબર પરથી કુલ ૪૧૯ ફરિયાદોની નિકાલ તથા ગ્રામ્ય પાણી યોજનાઓનું સંચાલન અને નિભાવણી માટે ઓપરેટરોની તાલીમ જેવા મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી .

બેઠકમાં જિલ્લા વાંસદા - યોજના વહીવટદારશ્રી -ણવ વિજયવર્ગીય ,મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી રાજેન્દ્ર રંગુનવાલા, વાસ્મોના ડિસ્ટ્રિક્ટ કોઓર્ડીનેટર -તિક પટેલ સહિત સમિતિના સભ્યો, પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ કર્મચારી ઉપસ્થિત રહ્યાં હતાં.

<u>ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન</u>

# નવસારી જિલ્લાનાં ૪,૯૩,૪૬૧ જેટલા આદિજાતિ લોકોને આવરી લેવાનો લક્ષ્યાંક

**નવસારી, તા.૧૫ :** ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન હેઠળ દેશના ૭૦૦ થી વધુ જનજાતિઓ માટે ૩૦ રાજયો અને કેન્દ્રશાસિત -દેશોના ૫૪૯ જિલ્લાઓના ૬૩,૮૪૩ ગામોમાં રહેતી ૫.૩૮ કરોડની આદિજાતિ વસ્તી માટે પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું લક્ષ્ય છે. જેમાં ગુજરાત રાજયના ૨૧ જિલ્લાઓના આદિવાસી વિસ્તારો અને સમુદાયોના સર્વગ્રાહી અને ટકાઉ વિકાસને સુનિશ્ચિત કરવા માટે ભારત સરકારની વિવિધ યોજનાઓ દ્વારા આવાસ, ઈન્ફ્રાસ્ટ્રકચર, આરોગ્ય અને પોષણ, શિક્ષણ, આજીવિકા, વીજળી જેવી વિવિધ પાયાની સુવિધાઓ પુરી પાડવા માન. વડાપ્રધાનના આવતા ૫ વર્ષના વિઝન હેઠળ રૂા.૭૯,૧૫૬/- કરોડના બજેટ સાથે આદિજાતિ બાબતોના મંત્રાલય સહિત ૧૭ મંત્રાલયો દવારા ૨૫ હસ્તક્ષેપોમાં લાગુ કરવામાં આવશે.

ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિ અંતર્ગત શરુ કરવામાં આવેલ ધરતી આબા જન જાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન (ઝખ્ખ્ઝ્ખ) હેઠળ નવસારી જિલ્લાના ૦૬ તાલુકાના કુલ ૨૩૮ ગામોના ૧,૦૬,૦૧૭ ઘરોના ૪,૯૩,૪૬૧ જેટલા આદિજાતિ લોકોને આ અભિયાન અંતર્ગત આવરી લેવાનો લક્ષ્યાંક છે.

આ અભિયાન અંતર્ગત આદિજાતિ લોકોના સર્વાંગી વિકાસ માટે વિવિધ લક્ષ્યોને ધ્યાનમાં લઈ ઉત્કર્ષ કામગીરીઓ કરવામાં આવે છે. જેમાં સક્ષમ માળખાગત સુવિધાઓનો વિકાસના લક્ષ્ય અંતર્ગત આદિજાતિ લોકોને રહેવા માટે પાક્કા ઘર, લોકોની સુવિધા માટે પાક્કા રસ્તાઓ, અંતરિયાળ ગામોને મોબાઈલ અને ઈન્ટરનેટ કનેક્ટિવીટી ઉપલબ્ધ કરાવવી, આરોગ્ય, પોષણ અને શિક્ષણની સુવિધા માટેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપબ્ધ કરાવવું. તેમજ, આર્થિક સશક્તિકરણને પ્રોત્સાહનના લક્ષ્ય અંતર્ગત આદિજાતિ લોકોને સ્કીલ ઈન્ડિયા મિશન અંતર્ગત તાલીમ પુરી પાડવી, ટ્રાયબલ મલ્ટિ-પર્પઝ માર્કેટિંગ સેન્ટર દ્વારા માર્કેટિંગ સપોર્ટ આપવો, હોમ-સ્ટે અંતર્ગત પ્રવાસન દ્વારા વેગ આપવો તેમજ એફ.આર.એ. પટ્ટાધારકોને ખેતી, પશુપાલન અને મત્સ્યપાલન દ્વારા લાભ આપવો. સાથે, સારા શિક્ષણની સુવિધા, લક્ષ્ય અંતર્ગત જિલ્લા/તાલુકા સ્તરે ટ્રાયબલ હોસ્ટેલ અને સ્કૂલ બનાવીને આદિજાતિ બાળકો માટે શિક્ષણની સુવિધા સુલભ બનાવવી.

# નવસારી જિલ્લાનાં ખેડૂતો માટે ચોમાસા પૂર્વે માર્ગદર્શિકા જાહેર

**નવસારી,તા.૧૫ :** ઉનાળુ સિઝનમાં અને ચોમાસાનો વરસાદ થાય એ પહેલા ખેડૂતો દ્વારા કયા પાકનુ વાવેતર કરવુ તેનુ આયોજન હાથ ધરવામાં આવતુ હોય છે. જેમાં જુદા જુદા ઘણા પાસાઓ ધ્યાને લેવામાં આવતા હોય છે, તે પૈકી બિયારણની ચોકસાઇ અને કાળજીપૂર્વક પસંદગી અગત્યનુ પાસુ ગણાય છે. કારણ કે, પાક ઉત્પાદનનો મુખ્ય આધાર બિયારણ હોય છે. જો બિયારણમાં કોઇ પ્રશ્ન આવે તો ખેડૂતોની આખી સિઝન ફેઇલ થતી હોય છે. જેથી ખેડૂતોએ બિયારણની ખરીદી ધીરજપૂર્વક અને પુરી ચોકસાઇથી કરવા અમુક બાબતો ધ્યાને લેવા જોઇએ.

- બિયારણની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ/પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતાઓ પાસેથી જ ખરીદવાનો આગ્રહ રાખવો. જેથી છેતરપિંડીથી બચી શકાય.
- આગામી સિઝનમાં જે પાકનુ વાવેતર કરવાનુ નક્કી થાય ત્યાર બાદ વાવણી સમયે બિયારણ ની જાત અને જથ્થા માટે સમય ન વેડફાય તે માટે સમયસર બિયારણ મેળવી લેવુ જરુરી છે.
- બિયારણની ખરીદી સમયે વેપારી પાસેથી તેનુ પુરુ નામ, સરનામુ, બિયારણનુ નામ, બિયારણનો વર્ગ, લોટ નંબર, ઉત્પાદન વિગત અને મુદત પૂરી થવાની વિગતો દર્શાવતુ પાક્કુ બીલ અધિકૃત સહી સાથે અવશ્ય લેવુ અને વાવણી કર્યા બાદ બિયારણનુ પેકેટ અને બીલ સાચવીને રાખવુ જરૂરી છે.
- સોશીયલ મિડિયા કે અન્ય ભ્રામક પ્રચારમાં આવીને તેમજ લોભ લાલચમાં આવીને સસ્તા બિયારણની ખરીદી ન કરવી. અને વાવેતર વિસ્તારમાં પ્રચલિત જાતોને પ્રાધાન્ય આપવુ જોઇએ.
- બિયારણની નવી જાત આવેલી હોય તો તેનો ૧૦૦ અખતરો કરતા પહેલા તેના સંશોધન કરેલ સંસ્થા કૃષિ યુનિવર્સિટી દ્વારા સંકલિત છે કે કેમ? આજુબાજુના વિસ્તારમાં કોઇ ખેડૂતે તેનુ વાવેતર કરેલ હતુ કે કેમ? નવી જાત કેટલા દિવસમાં પાકે છે? વિગેરે બાબતોની તપાસ કરી નાના વિસ્તારમાં અખતરો કરવો જોઇએ.
- ઘણી વાર ખાનગી કંપનીઓ દ્વારા બીજા રાજ્યમાં વાવેતર થતુ હોય એવી જાતો ત્યાંથી લાવી અને આપણા રાજ્યમાં ખુબ ઉંચા વેચાણ કરતી હોય છે ત્યારે એ જાતની આપણા વિસ્તારમાં ભલામણ થયેલ છે કે કેમ? એ તપાસ કર્યા બાદ જ સમજી વિચારીને ખરીદી કરવી જોઇએ.

# ગણદેવી અને શહેર ભાજપ દ્વારા રક્તદાન શિબિર યોજાઈ

**ગણદેવી, તા.૧૪ :** ગણદેવી તાલુકા અને શહેર ભાજપ પરીવાર એ દેશની યુદ્ધગ્રસ્ત પરિસ્થિતિ માં રક્ત ની અછત ટાળવા રક્તદાન શિબિરનું આગોતરું આયોજન કર્યું હતું. જે અંતર્ગત ગણદેવી અનાવિલ વાડીમાં બુધવારે રક્તદાન શિબિર યોજી હતી. જેમાં ભાજપ પરીવાર એ ૫૪ યુનિટ રક્તદાન સાથે માનવતા મહેકાવી હતી. દરેક ક્ષણે દુનિયામાં કોઈને કોઈ જિંદગી મોત સામે ઝઝૂમતી રહે છે એમનું



જીવન બચાવવા રક્તદાન જરૂરી છે તમારું રક્તદાન એ કોઈક માટે જીવનદાન બની શકે છે આવા ઉમદા ઉદેશ્ય સાથે રકતદાતાઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ પ્રસંગે ધારાસભ્ય નરેશ પટેલ, રાકેશ દેસાઈ, માજી ધારાસભ્ય પિયુષ દેસાઈ, ભુરાભાઈ શાહ, શૈલેષ હળપતિ, પ્રશાંત શાહ, વિજય નાયક, શાંતિલાલ પટેલ, ભીખુભાઇ પટેલ, ભાવેશ પટેલ,ભીખુભાઈ પટેલ, પ્રવિણ ઉર્ફ ભોજાભાઈ પટેલ, રીંકેશ પટેલ, ચિંતન પટેલ, ભાનુબેન પટેલ, પ્રાણલાલ પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# વઘઈમાં કમોસમી વરસાદથી કોઝવે ઉભરાયા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા, તા.૧૫ :** ડાંગ જિલ્લાનાં વઘઇ તાલુકાનાં અંતરીયાળ ગામ ઘોડવહળનાં રહેવાસીઓ અણધાર્યા સંકટમાં મુકાયા છે.ગરમીની શરૂઆતમાં થયેલા અણધારેલા વરસાદને લીધે અંબિકા નદીમાં અચાનક પાણીનો પ્રવાહ વધ્યો છે. પરિણામે, અંબિકા નદીનું પરનાં કોઝવેકમ પુલ પરથી પાણી ફરી વળતા ગામનો તાલુકા અને જિલ્લાના મુખ્ય સ્થળો સાથેનો સંપર્ક તૂટી ગયો છે.ડાંગ જિલ્લામાં વિકાસનાં સૂત્ર સાથે કાર્યરત શાસક પક્ષ વિકાસની વાતો કરી રહ્યું છે.ત્યારે આ કમોસમી વરસાદમાં જ જો ઘોડવહળ ગામને જોડતા કોઝવેકમ પુલ પરથી પાણી જતુ હોય તો ચોમાસાની ઋતુમાં લોકોની હાલત કેવી થતી હશે જે વિચારવા જેવી બાબત છે.આ કમોસમી વરસાદનાં પગલે અંબિકા નદીનાં જળ સ્તરમાં વધારો થતાની સાથે જ લોકોને ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. આ ઘટના વિકાસના દાવાઓની વાસ્તવિકતા છતી કરે છે.ઘોડવહળથી તાલુકાના મુખ્ય મથક વઘઇ અને જિલ્લાના મુખ્ય



મથક આહવાને જોડતો અગત્યનો પુલ ઊંચો બનાવવા માટે ગ્રામજનોએ અનેકવાર વિનંતીઓ

**અંબિકા નદીનું પરનાં કોઝવેકમ પુલ પરથી પાણી ફરી વળતા ગામનો તાલુકા અને જિલ્લાના મુખ્ય સ્થળો સાથેનો સંપર્ક તૂટી ગયો**

અને રજુઆત કરી હોવા છતાં કોઈ કાર્યવાહી ન થતા સામાન્ય વરસાદમાં પણ શાસક પક્ષના વિકાસના દાવાની પોલ ખુલી ગઈ છે.ઘોડવહળથી તાલુકા મથક વઘઇ અને જિલ્લા મથક આહવા ને જોડતો મહત્વનો કોઝવે ને ઊંચો કરવા ગ્રામજનોની લેખિત મૌખિત રજૂઆત બાદ પણ કોઝવે ઊંચો ન બનાવતા કમૌસમી સામાન્ય વરસાદમાં ભાજપ સરકારનાં વિકાસ મંત્રની પોલ ખુલ્લી પડી જવા પામી છે.ડાંગ જિલ્લામાં વઘઇ તાલુકાના આંતરિયાળ વિસ્તારમાં આવેલ ઘોડવહળ ગામને જોડતો મહત્વનો કોઝવે કમૌસમી વરસાદમાં અંબિકા નદીમાં ગરકાવ થતા વાહન ચાલકો સહીત રાહદારીઓ માટે ભયજનક બનવા પામ્યો છે.આ કોઝવે પર ચોમાસા દરમિયાન ઉપરવાસમાં ભારે વરસાદ ને પગલે પૂરમાં ગરકાવ થયા બાદ કલાકો સુધી પાણી ઓસરવાની રાહ જોયા વગર કોઈ વિકલ્પ ન હોય દર્દીઓ કે શાળાએ જતા વિદ્યાર્થીઓને ભયજનક રીતે કોઝવે પસાર કરવો પડે છે.ચોમાસામાં આ કોઝવે પરથી અનેક લોકોએ જીવ ગુમાવ્યા હોવાનું પણ સ્થાનિકો જણાવી રહ્યા છે.ડાંગ જિલ્લાના વઘઇ તાલુકાના દુર્ગમ વિસ્તારમાં આવેલ ઘોડવહળને જોડતો મહત્વનો કોઝવેકમપુલ કમોસમી વરસાદમાં અંબિકા નદીમાં ડૂબી જતાં વાહન ચલાવનારાઓ અને પગપાળા ચાલનારાઓ માટે જોખમી બન્યો છે.વરસાદની ઋતુમાં જ્યારે ઉપરના વિસ્તારોમાં ભારે વરસાદ પડે છે અને આ કોઝવેકમ પુલ પાણીમાં ગરકાવ થઈ જાય છે, ત્યારે કલાકો સુધી પાણી ઓસરવાની રાહ જોયા વિના કોઈ વિકલ્પ રહેતો નથી. આવી સ્થિતિમાં બીમાર લોકો કે શાળાએ જતા બાળકોને પણ જોખમી રીતે પુલ પાર કરવો પડે છે. આ ઉપરાંત ચોમાસું શરૂ થાય તે પહેલાં પુલના બહાર નીકળેલા લોખંડના સળિયાનું સમારકામ કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.ત્યારે ડાંગ જિલ્લા વહીવટી તંત્ર ઘોડવહળ ગામનાં લોકોની સમસ્યાનો ઉકેલ કરશે કે પછી દુર્લક્ષતા સેવશે તે આવનાર સમય જ બતાવશે.

## દમણ રેડિયો

**102.3 FM**

<u>શુક્રવાર</u>

**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ - હિન્દી સમાચાર (દિલ્હીથી ) ૦૬.૦૫ -અર્થના (ભક્તિ ગીતો) અને ૦૬.૩૦ -અમૃતધારા (અમદાવાદ-વડોદરા પરથી) ૭.૪૫-ગુજરાતી સમાચાર, ૦૭,૫૫ - કાર્યક્રમ વિવરણ ૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી) ૦૮.૧૫ - સુગમ સંગીત, ૦૮.૩૦ - શ્રવણ માધુરી (દમણથી) ૯.૦૦ -અમદાવાદના કાર્યક્રમ ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત(દમણથી) ૦૬.૫૫ - સંસ્કૃતમાં સમાચાર ૦૭.૦૦ . ફિલ્મ સંગીત ૭.૧૦- પ્રાદેશિક સમાચાર- ૦૭.૨૦- શ્રી રામ ચરીત માનસ ગાળ. ૭.૩૦ – સુગમ સંગીત (દમણથી), ૧૦.૩૦-થી સાંજે ૦૫.૩૦ - અમદાવાદના કાર્યક્રમ જેમાં ૧૦.૦૦-હિન્દી ફિલ્મ સંગીત-ગુલમહોર (દમણથી) ૧૨.૦૦ થી ૦૧.૦૦ - લોક સંગીત અને નારી જગત ૦૧.૦૦- હિન્દી અને અંગ્રેજી સમાચાર, ૦૧.૩૦ (જય જવાન - હિન્દી ફિલ્મ સંગીત) ૦૨:૧૫ હિન્દી સમાચાર, ૦૨.૪૦ - સુગમ સંગીત.

**સાંજ :** (દમણથી) ૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ (NCERT UMANG) ૦૩.૦૦ થી ૫.૦૦ સુગમ સંગીત ૦૫.૦૦ - વિવધ ભારતી -૬.૧૫ થી અમદાવાદ નાં કાર્યક્રમ ૦૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ (દમણથી) ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ ગુજરાતી સમાચાર, રાત્રે ૦૮.૦૦ વાગ્યા થી ૧૧.૦૦ સુધી અમદાવાદ નાં કાર્યક્રમ ૧૧.૦૦ – હિન્દી અને અંગ્રેજી સમાચાર – દિલ્હીથી ૧૧.૧૦ – સભા સમાપન




## આજનું પંચાગ

**તા.** ૧૬-૦૫-૨૦૨૫, **વારઃ** શુક્રવાર **તિથિઃ** ચોથ **વિક્રમ સંવતઃ** ૨૦૮૧ **સૂર્ય ઉદયઃ** ૦૫:૬૦ **સૂર્ય અસ્ત :** ૧૯:૧૫ **ચંદ્રરાશિઃ** મેષ

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** *આજે લાભદાયક દિવસ છે અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે.*

**વૃષભ(બ.વ.ઉ) :** *આજના દિવસે તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે,*

**મિથુન(ક.છ.ઘ) :** *આજે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે.*

**કર્ક(ડ.હ) :** *આજે તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથઈ તમે ખુશ થશો.*

**સિંહ(મ.ટ.) :** *આજના દિવસે તમારી જાતને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે ઉચ્ચ કૅલૅરીયુક્ત આહાર ટાળો.*

**કન્યા(પ.ઠ.ણ.) :** *આજે મિત્ર દ્વારા જ્યોતિષ માર્ગદર્શન તમારૂં સ્વાસ્થ્ય સુધારવા માટે તમને પ્રોત્સાહિત કરશે.*

**તુલા (ર.ત.) :** *આજના દિવસે તમે લાંબી મુસાફરી ટાળજો કેમ કે મુસાફરી માટે તમે ખૂબ નબળા છો.*

**વૃશ્ચિક(ન.ય.) :** *આજે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ છે. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો.*

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** *આજે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે.*

**મકર(જ.ખ) :** *આજેતમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે.*

**કુંભ(ગ.શ.સ.) :** *આજના દિવસે તમે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે.*

**મીન(દ.ચ.ઝ.થ.) :** *આજના દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો.*

# સ્થાનિક સમાચારો

● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ

Friday 16, May 2025

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES


## વલસાડ જિલ્લા આરોગ્ય તંત્રને જીવલેણ ડેન્ગ્યુને નાથવામાં મળી સફળતા

**વલસાડ,તા. ૧૫ :** ડેન્ગ્યુ એટલે ગંભીર વાયરલ રોગ. જે એડીસ ઈજિપ્ત મચ્છર કરડવાથી થાય છે. ડેન્ગ્યુનો તાવ એ ગંભીર -કારનો તાવ છે. જેમાં રક્તસ્ત્રાવ થાય છે. કોઈક વાર મગજને આઘાત પહોંચતા માણસનું મૃત્યુ પણ થાય છે. જેથી દર વર્ષે તા. ૧૬ મેના રોજ રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ડેન્ગ્યુના વધતા જતા કેસને ધ્યાનમાં રાખીને આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. જેનો હેતુ લોકોને ડેન્ગ્યુ જેવા જીવલેણ રોગથી જાગૃત કરવાનો છે. કારણ કે આજે પણ લોકોમાં ડેન્ગ્યુ જેવા ગંભીર તાવ અંગે જાગૃતિનો અભાવ જોવા મળે છે. ડેન્ગ્યુને અટકાવવા માટે જરૂરી પગલાંને પ્રોત્સાહન આપવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. વલસાડ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ દ્વારા અસરકારક કામગીરી થતા ડેન્ગ્યુના કેસમાં નોંધપાત્ર ઘટાડો થઈ રહ્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં જિલ્લામાં ડેન્ગ્યુના ૨૭૫ કેસ નોંધાયા છે જેની સામે ગત વર્ષ દરમિયાન માત્ર એક વ્યકિતએ શંકાસ્પદ ડેન્ગ્યુના કારણે જીવ ગુમાવ્યો હતો.

વલસાડ જિલ્લા કલેકટર ભવ્ય વર્મા અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોતના નેતૃત્વમાં જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગો ડેન્ગ્યુ, મલેરિયા અને ચિકનગુનિયાની નાબૂદી માટે વર્ષ દરમિયાન અવિરત કામગીરી કરવામાં આવી રહી છે. જેના પરિણામ સ્વરૂપે ડેન્ગ્યુના કેસો ઘટી રહ્યા છે. આ અંગે માહિતી આપતા જિલ્લા મલેરિયા અધિકારી ડો. વિરેન પટેલ જણાવે છે કે, જે એરિયામાં ડેન્ગ્યુના કેસ વધુ મળે તેવા હાઈરિસ્ક એરિયામાં સઘન સર્વેલન્સ કામગીરી કરી, પાણીના પાત્રોની સફાઈ, મચ્છર ઉત્પત્તિના સ્થાન શોધવા, ટેમિફોર્સ દ્રાવણ પાણીમાં નાંખવુ, ફોગીંગ અને જનજાગૃતિ માટે પેમ્પલેટ સહિતની સામગ્રીનું વિતરણ કરવામાં આવે છે. ડેન્ગ્યુના કેસ કયારેક વધે પણ અને ઘટે પણ. જેનુ કારણ તપાસીએ તો, વરસાદની બદલાતી જતી પેર્ટન અને ઈન્ડ્રસ્ટ્રીયલ માઈગ્રેશન પણ કેટલાક અંશે જવાબદાર છે. ઘણી વાર ભેજવાળા વાતાવરણને કારણે પણ મચ્છરોની ઉત્પત્તિ વધી જાય છે. એડીસ મચ્છર કરડવાના ૫ થી ૬ દિવસ બાદ આ તાવ લોકોમાં જોવા મળે છે.

ડેન્ગ્યુની બિમારી લીવરને અસર કરવાનું શરૂ કરે છે, જેમાં હેપેટાઈટિસ જેવા લક્ષણો જોવા



મળે છે. ડેન્ગ્યુના ગંભીર કિસ્સાઓમાં, લીવરના કોષો ફૂલી જાય છે અને તેમની કાર્યક્ષમતા ઓછી થઈ જાય છે. કેટલાક લોકોમાં કિડનીને તીવ્ર ઈજા થવાનું જોખમ પણ રહે છે. જો ડેન્ગ્યુની સમયસર સારવાર ન કરવામાં આવે તો ફેફસામાં -વાહીનો સંચય થવાનું જોખમ રહેલું છે. જેના કારણે શ્વાસ લેવામાં તકલીફ થઈ શકે છે. ડેન્ગ્યુથી મગજનો તાવ અને ફેફસામાં -વાહીના સંચયને કારણે ઓક્સિજનનું સ્તર ઝડપથી ઘટી શકે છે. ધીમા ધબકારાનું જોખમ પણ વધારી શકે છે. જેથી જીવલેણ ગણાતા ડેન્ગ્યુના રોગને નિયંત્રિત કરવા માટે લોકોને જાગૃત કરવા પડશે તો જ આ દિવસની ઉજવણીની સાર્થકતા કહેવાશે.

### ડેન્ગ્યુ રોગના લક્ષણો

ઠંડી લાગીને તાવ આવે

ઉલટી ઉબકા આવવા, નબળાઈ આવવી

બેચેની લાગે, પ્રેશર ઘટવા લાગે

શ્વાસ લેવામાં તકલીફ પડવી

માથુ, સ્નાયુઓ અને સાંધામાં દુખાવો થાય

આંખના ડોળાની પાછળ અને આંખના હલનચલનથી દુખાવો થાય

શરીરે લાલ ડાઘાઓ થવા, નાક અને પેઢામાંથી લોહી નીકળવુ

ત્વચા પર વાદળી - કાળા રંગની ફોલ્લીઓ જોવા મળે (લાલ ચકામા)

### ડેન્ગ્યુના રોગમાં લેવાની સામાન્ય કાળજીઓ

કોઈપણ તાવ ડેન્ગ્યુ હોય શકે છે. તાવ આવે કે તરત જ નજીકના આરોગ્ય કેન્દ્રો, રજિસ્ટર થયેલા દવાખાના અને હોસ્પિટલની મુલાકાત લઈ તાત્કાલિક લોહીની તપાસ કરાવવી જોઈએ. તાવને કોઈપણ સંજોગોમાં અવગણશો નહી. સમયસરના પગલા જીવન બક્ષે છે. લોહીની તપાસમાં ડેન્ગ્યુ જણાય તો પુરેપુરી સારવાર કરાવો. ખૂબ પ્રવાહી લેવુ. શરીરમાં પાણી ઓછુ થવા દેવુ જોઈએ નહી. તાવના ચોક્કસ નિદાન માટે નિષ્ણાત ડોકટરોની સલાહ લેવી જરૂરી છે.



વલસાડ શહેર ના મોગરાવાડી માં આવેલ શ્રી પાદર દેવી મંદિરનો ૨૬મા પાટોત્સવ ની ભક્તિ ભાવ સાથે ઉજવણી કરવામાં આવી હતી.આ નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમો તેમજ મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવતા મોટી સંખ્યા માં ભક્તો એ લાભ લીધો હતો.

## બીલપુડીમાં ફ્રૂટ એન્ડ વેજીટેબલ પ્રોસેસિંગ એન્ડ પ્રિઝરવેશનની તાલીમ અપાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૧૫ :** ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ સંચાલિત જન શિક્ષણ સંસ્થાન અંભેટી, તા - કપરાડા, વલસાડ વન સેવા મહાવિદ્યાલય, બી.આર.એસ. કોલેજ બિલપુડી ખાતે વિદ્યાર્થીઓ માટે કૌશલ્યવર્ધન તાલિમ કોર્ષે-- આસિસ્ટન્ટ - ફ્રૂટ એન્ડ વેજીટેબલ પ્રોસેસિંગ એન્ડ પ્રિઝરવેશનની અઢી મહિનાની તાલીમ ૧૭/૦૯/ ૨૪ થી ૩૦/૧૧/૨૪ સુધી યોજાઈ હતી. જેમાં તાલીમાર્થી વિદ્યાર્થીઓને પપૈયાની ટૂટીફુટી, વિવિધ અથાણાં, વિવિધ જ્યુસ, સૂકા નાસ્તાઓ વગેરે જેવી વાનગીઓ બનાવવી તથા તેનું પ્રિઝર્વેશન કરવાની રીતો પ્રેક્ટિકલ સાથે શીખવવામાં આવી હતી. આ તાલીમનું આયોજન જન શિક્ષણ સંસ્થાન, અંભેટીના માનનીય નિયામક રીનલભાઈ આર. આહિર, ફિલ્ડ કોર્ડિનેટર, મિખિલભાઈ જાદવ તથા કોલેજના ઈન્યાજ આચાર્ય ગામીત કોમલબેન દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમગ્ર તાલીમનું સંચાલન બાગાયત વિષયના અધ્યાપિકા પ્રતિભાબેન ગામીત દ્વારા કરવામાં



આવ્યું હતું. તારીખ ૧૪/૫/ ૨૦૨૫ના રોજ આ તાલીમના તાલીમાર્થીઓને પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ નું આયોજન કોલેજ ખાતે કરવામાં આવ્યું જેમાં જન શિક્ષણ સંસ્થાન, અંલેટીના માનનીય નિયામક રીનલભાઈ આર. આહિર ઉપસ્થિત રહ્યા તાલીમાર્થીઓને સુંદર તાલીમની ઉપયોગિતા વિશે સમજ આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ સાથે ફિલ્ડ કોર્ડિનેટર, મિખિલભાઈ જાદવ તથા કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ગામીત કોમલબેન, પ્રતિભાબેન ગામીત ઉપસ્થિત રહ્યા હતા. આ તાલીમ વિદ્યાર્થીઓને ભવિષ્યમાં પોતાના રોજગારલક્ષી વ્યવસાય, ધંધા કે આવકના સ્ત્રોત માટે ખૂબ ઉપયોગી બનશે એવા અભિપ્રાયો તાલીમાર્થી વિદ્યાર્થીઓ દ્વારા આપવામાં આવ્યા હતા.

## પારનેરામાં મહાકાળી માતાના મંદિરનો પાટોત્સવ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)


**વલસાડ, તા.૧૫ :** વલસાડ તાલુકા વલસાડ તાલુકાના પારનેરા ગામ પાસેના લીમડા ચોક ખાતે કોળી પટેલ અગ્રણી દિનેશભાઈ ઝીણાભાઈ પટેલના આંગણામાં બિરાજમાન મહાકાળી માતાના મંદિરના ૧૪મા પાટોત્સવ દર વર્ષ ની જેમ આ વર્ષે પણ પરંપરાગત રીતે ભક્તિ ભાવ અને આનંદ ઉલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે કર્મકાંડના નિષ્ણાંત પંડિતો દ્વારા માતાજીનો ચંડીયજ્ઞ ,હવન, પૂજા, પાઠ અને મહા આરતી કરવામાં આવી હતી..

પારનેરાગામ ના લીમડા ચોક ખાતે મહા કાળી માતાજીના મંદિર ખાતે ૧૪મા પાટોત્સવના કાર્યક્રમ નિમિત્તે યોજાયેલા યજ્ઞમા યજમાન પદે રિતેશ ભાઈ પટેલ તેમના ધર્મ પત્ની પીનલબેન પટેલ, કલ્પેશભાઈ, સુરેન્દ્રભાઈ, વિકીભાઈએ યજ્ઞ, પૂજા,હવન અને આહુતિમા ભાગ લીધો હતો. આ પ્રસંગે ગામના સરપંચ ભરતભાઈ પટેલ, પૂર્વ સરપંચ પંકજ ભાઈ પટેલ, વલસાડના બિઝનેસ મેનેજર શીતલબેન પટેલ, જયાબેન પટેલ, જતીનભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો અને ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે દિનેશભાઈ પટેલ અને જયાબેન પટેલ ના પરિવાર તરફથી મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભાવિક ભક્તો એ લાભ લીધો હતો. મહાકાળી માતાના પાટોત્સવના કાર્યક્રમથી પારનેરાગામ મા ભક્તિમય માહોલ સર્જાયો હતો.

## ઉમરગામના અછાડથી પરિણીતા તેના પુત્ર સાથે ગુમ

**વલસાડ, તા. ૧૫ :** વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના અછાડ નંદીગ્રામ સંતોષભાઈની ચાલમાં રહેતી ૨૪ વર્ષીય નિધી ગ્યાન શુક્લા તેમના એક વર્ષીય પુત્ર વીષ્ણુ ગ્યાન શુક્લા સાથે લઈ તા.૧૧/૦૪/૨૦૨૫ના રોજ રાત્રે ૧૧-૦૦ વાગ્યા પછી પોતાના ઘરેથી કોઈને કંઈ પણ કહ્યા વિના કોઈ અગમ્ય કારણસર કશે જતા રહ્યા હતા અને આજદિન સુધી પરત ફર્યા નથી. ગુમ નિધી મધ્યમ બાંધો, ઘઉંવર્ણ અને ૫ ફૂટ ઉંચાઈ ધરાવે છે. તેમણે સાડી પહેરેલી હતી. તેઓ હિન્દી ભાષા જાણે છે. જો કોઈને પણ આ પરિણીતા અને બાળકની ભાળ મળે તો ભીલાડ પોલીસ સ્ટેશનનો ૯૬૨૧૧૯૯૭૭૬, પોલીસ કંટ્રોલ રૂમ નં.-૦૨૬૩૨-૨૫૩૩૩૩ અને ઈ-મેઈલ એડ્રેસ sp-val@gujarat.gov.in પર સંપર્ક કરી જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

## છીપવાડ રેલ ગરનાળાની ઊંચાઈ ટ્રાફિક સમસ્યા સર્જે છે







**વલસાડ, તા.૧૫ :** પશ્ચિમ રેલવેમાં મુંબઈ અમદાવાદ રેલ માર્ગે ૩૩૦ ક્રમાંકિત રેલવે અંડરપાસ વલસાડ છિપવાડ ખાતે છે. જેમાં પશ્ચિમે મા-મ વિભાગે બનાવેલ દ્વિમાર્ગી અંડરપાસ ની ઊંચાઈ પૂર્વમાં ફ્રેટ કૉરીડોરના નવા બનેલા અંડરપાસ જેટલી જ રાખવાના બદલે થોડી વધુ રાખવાથી કેટલાક વાહનો પશ્ચિમથી પ્રવેશી પૂર્વમાંથી પસાર ન થતાં આ અંડરપાસમાં ફસાઈ જાય છે અને તેને રિવર્સ લેવામાં ભારે સમસ્યા થતી હોય ગંભીર ટ્રાફિક સમસ્યા ઉદભવતા વાહન ચાલકો દુ:ખી થાય છે.

આ ગંભીર સમસ્યાના ઉકેલ માટે મા-મ વિભાગે પશ્ચિમમાં પ્રવેશતા અંડરપાસની ઉપર માત્ર ગોળ ૫.ટે- સીધો ત્રિકોણ વાળું સૂચક પાટીયું મૂકી હાશકારો અનુભવેલો છે, જે નિશાન પૂર્વમાંથી પ્રવેશતા પણ ફ્રેટ કોરિડોર પર લગાવેલો છે. પૂર્વમાં પશ્ચિમ રેલવેએ બનાવેલી ચેતવણી અને પ્રવેશ અટકાવતી ભારી લોખંડી આડશ પણ કોઈક વાહને ધ્વસ્ત કરેલી છે ત્યારથી રેલવેને પણ નવી આડશ ઉભી કરવાનુ જરૂરી ન માન્યું હોય કોઈક વખતે હાઈવે-૪૮થી મોટું ભારે વાહન ફ્રેટ કોરીડોરને ગંભીર નુકસાન કરવાની સંભાવના છે. મા-મ વિભાગ, વલસાડ પાલિકા પશ્ચિમમાં પ્રવેશ દ્વારે ૫.૮ ઈંચ ઊંચાઈએ લોખંડી આળસ ઊભી કરે તો વાહન પ્રવેશે નહીં અને ટ્રાફિક સમસ્યા સર્જાઈ નહીં તેમજ પહેલાં ગરનાળા પછી ડાબી બાજુ સલામતી રક્ષક દિવાલ પણ બનેલી નથી જે પણ જોખમી છે, જ્યાંથી વલસા પાર્ટી સુધીની આ ગટર બમણી પહોળી કરી ઝાડી ઝાંખરા રહિત કરવી જરૂરી છે, જેથી ઝડપી વરસાદી પાણી નિકાલ થાય વધુમાં વલસાડ પારડી ખાતે પણ ગટર પસાર કરતો રસ્તો સાંકળો અપૂરતો છે જે પણ ગરનાળા જેટલો પહોળો સારો બનાવવો જરૂરી છે.

## સેલવાસમાં થ્રીડીનાં ભાજપ કાર્યકર્તાઓ માટે વર્કશોપ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.૧૫ :** ભારતીય જનતા પાર્ટી દાદરા નગર હવેલી અને દમણ દીવ રાજય દ્વારા સિલ્વાસામાં ભાજપ કાર્યાલય ખાતે એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ. ભારતી બેન પવાર ખાસ મહેમાન હતા.

પ્રદેશ ભાજપ અધ્યક્ષ દિપેશ ટંડેલની અધ્યક્ષતામાં આયોજિત આ કાર્યશાળાનો મુખ્ય વિષય ૩૧ મેના રોજ પૂર્ણ્યશ્લોક રાણી અહિલ્યાબાઈ હોલકરજીની ૩૦૦મી જન્મજયંતિનું આયોજન કરવાનો હતો. દર વર્ષે ૩૧ મેના રોજ તેમની જન્મજયંતિ પર, તેમને શ્રદ્ધાંજલિ સાથે યાદ કરવામાં આવે છે અને તેમના આદર્શોને યાદ કરવામાં આવે છે.

કાર્યક્રમના મુખ્ય અતિથિ, ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ. ભારતી બેન પવારજીએ પૂર્ણ્યશ્લોક રાણી અહિલ્યા બાઈ હોલકરજીને શ્રદ્ધાંજલિ આપતા કહ્યું કે ૧૮મી સદીમાં અહિલ્યાબાઈ હોલકર માલવા રાજ્યના શાસક હતા. તેઓ તેમની બુદ્ધિમત્તા, ન્યાયની ભાવના અને લોકકલ્યાણ કાર્યો માટે જાણીતા છે. તેમણે પોતાના શાસનકાળ દરમિયાન ઘણા મંદિરો, ઘાટ, કુવાઓ, વાવ અને ધર્મશાળાઓનું નિર્માણ કરાવ્યું. કાશી વિશ્વનાથ મંદિરમાં શિવલિંગનો જીર્ણોદ્ધાર અને હરિદ્વાર, વારાણસી, ગયા જેવા તીર્થસ્થળો પર તેમના દ્વારા કરવામાં આવેલ નિર્માણ કાર્ય આજે પણ તેમની યાદોને તાજી રાખે છે. તેમનો જન્મ ૩૧ મે, ૧૭૨૫ ના રોજ મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લાના ચૌંડી ગામમાં થયો હતો.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભાજપે રાણી અહલ્યાબાઈ હોલકરની ૩૦૦મી જન્મજયંતિ નિમિત્તે ૨૧ મે થી ૩૧ મે સુધી દેશભરમાં ૧૦ દિવસનું અભિયાન ચલાવવાનું નક્કી કર્યું છે.

ભાજપના પ્રદેશ પ્રમુખ દિપેશ ટંડેલે જણાવ્યું હતું કે પુણ્યશ્લોક રાણી અહિલ્યાબાઈ હોલકર જીની જન્મજયંતિ પર ભારતીય જનતા પાર્ટી દ્વારા અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમોનો હેતુ રાણી અહિલ્યાબાઈ હોલકરજીના જીવન અને કાર્યોને યાદ કરવાનો અને તેમને શ્રદ્ધાંજલિ આપવાનો છે.

આજના કાર્યક્રમમાં ભાજપના પ્રદેશ મહામંત્રી સુનિલ પાટિલ, જીતુ માધા, સિલવાસા નગરપાલિકા અધ્યક્ષા રજની બેન શેટ્ટી, ભાજપ રાજ્ય મહિલા મોરચા અધ્યક્ષા સિમ્પલ બેન કટેલા, ઉપપ્રમુખ જુલી બેન સોલંકી, રાજ્ય મંત્રી શ્રી ઉદય સોનાવણે અને અન્ય કાર્યકરો હાજર રહ્યા હતા.

## નાહુલીની પોદાર સ્કૂલનું બોર્ડ પરીક્ષાઓમાં ૧૦૦ ટકા પરિણામ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૫ :** પોદાર વર્લ્ડ સ્કૂલ નાહુલી ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષાઓમાં તેના વિદ્યાર્થીઓની ઉત્કૃષ્ટ સિદ્ધિની ગર્વથી જાહેરાત કરે છે. બધા વિદ્યાર્થીઓ સફળતાપૂર્વક પરીક્ષા પાસ કરીને, શાળા સમુદાય ગર્વ અને સિદ્ધિની આ ક્ષણની ઉજવણી કરે છે.

અમારા બધા વિદ્યાર્થીઓને તેમના સમર્પણ, સખત મહેનત અને ખંત માટે અમે હૃદયપૂર્વક અભિનંદન આપીએ છીએ. આ સફળતા અમારા વિદ્યાર્થીઓના સતત પ્રયાસો, માતાપિતાના અવિરત સમર્થન અને અમારા સમર્પિત શિક્ષણ સ્ટાફ દ્વારા પૂરા પાડવામાં આવેલા માર્ગદર્શનનું પ્રતિબિંબ છે. પોદાર ખાતે, અમે સુશિક્ષિત વ્યક્તિઓને ઉછેરવામાં અને વિદ્યાર્થીઓને જીવનના તમામ ક્ષેત્રોમાં શ્રેષ્ઠતા માટે પ્રયત્નશીલ બનાવવા માટે સશક્ત બનાવવામાં માનીએ છીએ. અમે શૈક્ષણિક વિકાસ અને વ્યક્તિગત વિકાસને પ્રોત્સાહન આપતું શિક્ષણ વાતાવરણ પૂરું પાડવા માટે પ્રતિબદ્ધ છીએ. અમારી શાળાના ટોપર માસ્ટર લોહિત ગાંધ્રા, માસ્ટર પારસ શર્મા , મિહિકા રાઠોડ અને રિયા સિંહ સાયન્સ અને કોમર્સ ના દરેક વિધાર્થીને અભિનંદન. અમારા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ કે તેઓ આત્મવિશ્વાસ અને હિંમત સાથે નવા સીમાચિહ્નો પર આગળ વધે.

## વાપીના ચણોદથી ૨૮ વર્ષીય યુવક ગુમ

**વલસાડ, તા. ૧૫ :** વાપીના ચણોદ ખાતે વિનર્સ સ્કૂલની પાછળ સંત કબીર નગરમાં પ્લોટ નં. ૮૧૯૨માં રહેતી ૨૮ વર્ષીય અંકિતા અરૂણ તિવારી તા. ૪ મે ૨૫ના રોજ સવારે ૯ થી સાંજે ૭ વાગ્યા દરમિયાન હર કોઈ વખતે પોતાના ઘરેથી કોઈને કંઈપણ કહ્યા વિના ક્યાંક નીકળી ગઈ હતી. જેની શોધખોળ કરવા છતાં કોઈ ભાળ મળી ન હતી. જે હિન્દી અને ભોજપુરી ભાષા જાણે છે. જે શરીરે પાતળો બાંધો, ઘઉવર્ણ અને પાંચ ફૂટ બે ઈંચ ઉંચાઈ ધરાવે છે. ઘરેથી નીકળતી વેળા કાળા કલરનો સલવાર શુટ પહેર્યો હતો. જે કોઈને પણ તેમની ભાળ મળે તો વાપીના ડુંગરા પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

## વલસાડના દરેક તાલુકાઓમાં તા.૧૯ મે ના રોજ સિવિલ ડિફેન્સ વોલેન્ટીયર ભરતી કેમ્પ યોજાશે

**વલસાડ તા. ૧૫ :** હાલની પરિસ્થિતિને ધ્યાને લઈને વલસાડ જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માને સિવિલ ડિફેન્સના નિયંત્રક તરીકેના હુકમો સરકારશ્રી તરફથી કરવામાં આવ્યા છે. વલસાડ જિલ્લાની તમામ મામલતદાર કચેરીઓ ખાતે સ્વયંસેવકની નોંધણી કરાશે. જે લોકો રાષ્ટ્રસેવા કરવા માટે સિવિલ ડિફેન્સમાં જોડાવા માગતા હોય તેઓ રજીસ્ટ્રેશન માટે પાસપોર્ટ સાઈઝનો એક ફોટો, આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ, રેશનકાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ, શાળા છોડયાનું પ્રમાણપત્ર, લાઈટ બિલ/ મિલકત વેરા પૈકી કોઈ પણ બે પુરાવા સાથે રાખવા.

સિવિલ ડિફેન્સ સ્વયંસેવકની નોંધણી માટેની લાયકાતમાં ઓછામાં ઓછુ ધોરણ ૪ પાસ અને ૧૮ વર્ષ કે તેથી ઉપરના નિરોગી, તંદુરસ્ત વ્યકિતઓ અને ભારતીય નાગરિકતા ધરાવતા હોવા જોઈએ. આ સ્વયંસેવકો તરીકે માજી સૈનિકો, પોલીસમિત્ર, એનએસએસ, એનસીસી વોલન્ટિયર, સ્થાનિક તરવૈયાઓ, આપદા મિત્રો, ખાનગી સુરક્ષા એજન્સીના કર્મચારીઓ, એનજીઓ વગેરેને પ્રાધાન્ય આપવામાં આવશે.


### પશ્ચિમ રેલ્વે બાંદ્રા ટર્મિનસ ⇌ પાલિતાણા વચ્ચે સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન દોડાવશે

| ટ્રેન નં. | પ્રારંભ અને ગંતવ્ય સ્ટેશન | સેવાના દિવસો | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| 09009 | બાન્દ્રા ટર્મિનસ - પાલિતાણા | 18.05.2025 | ૧૯:૨૫ કલાકે (રવિવાર) | ૦૯:૨૫ કલાકે (બીજા દિવસે) |
| 09010 | પાલિતાણા - બાન્દ્રા ટર્મિનસ | 19.05.2025 | ૨૦:૩૦ કલાકે (સોમવાર) | ૧૦:૪૫ કલાકે (બીજા દિવસે) |

**રોકાણો :** બોરીવલી, પાલઘર, વાપી, વલસાડ, નવસારી, સુરત, વડોદરા, આણંદ, અમદાવાદ, બોટાદ, ધોળા, સોનગઢ અને સિહોર ગુજરાત સ્ટેશન બંને દિશામાં.

**સંરચના :** એસી ૩-ટાયર (ઇકોનોમી) અને એસી ચેર કાર કોચ.

સમય,રોકાણો અને કમ્પોઝિશન સબંધિત વિસ્તૃત માહિતી માટે, યાત્રીઓ કૃપા કરી www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લેવા વિનંતી.

ટ્રેન નં. ૦૯૦૦૯ અને ૦૯૦૧૦નું બુકિંગ તા.૧૬-૦૫-૨૦૨૫થી તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસી વેબસાઈટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેનો વિશેષ ભાડાથી સ્પેશિયલ ટ્રેનોરૂપે દોડાવવામાં આવશે.

પશ્ચિમ રેલ્વે
wr.indianrailways.gov.in
Like us on: facebook.com/WesternRly
Follow us on: X.com/WesternRly
Follow us on: Instagram/WesternRly

તમામ આરક્ષિત ટિકિટો માટે કૃપા કરી તમારું અસલ ઓળખપત્ર સાથે રાખો

# ધરમપુર વિજ્ઞાન કેન્દ્રમાં રવિવારે આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ : વિના મૂલ્યે પ્રવેશ

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**




જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર ખાતે આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ નિમિત્તે ૧૮ મે ૨૦૨૫ ના રોજ ૯:૩૦ થી ૫:૩૦ કલાક દરમિયાન પ્રવેશ વિના મૂલ્યે રહશે.

જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર (રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદ, સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર) દ્વારા ૧૮ મે ૨૦૨૫ ના રોજ આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ ઝડપથી બદલાતા સમુદાયોમાં સંગ્રહાલયોનું ભવિષ્યે "The Future of Museums in rapidly Changing communities" ની ઉજવણી ધ લેડી વિલ્સન મ્યુઝિયમ,ધરમપુર (નિયામકશ્રી, પુરાતત્ત્વ અને સંગ્રહાલયની કચેરી, ગાંધીનગર અને રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગ, ગુજરાત રાજય) ના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવશે. આ દિવસની ઉજવણી નિમિત્તે વિજ્ઞાન કેન્દ્ર ખાતે મુલાકાતીઓ માટે ૧૮ મે ૨૦૨૫ ના રોજ ૯ઃ૩૦ થી ૫ઃ૩૦ કલાક દરમિયાન વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવશે. જોકે સંગ્રહાલયમાં ચાલતા વિવિધ શો જેવા કે તારામંડળ અને થ્રીડી વિજ્ઞાન શો નિહાળવા માટે ટિકિટ લેવી અનિવાર્ય છે. સંગ્રહાલય ની ઉજવણી માટે વિવિધ પ્રવૃતિઓ નું આયોજન કરવામાં આવેલ છે, જેવી કે આર્ટ એન્ડ ક્રાફટ, રેઝીન આર્ટ, વારલી પેઈન્ટિંગ, Fun at Low Temperature" લિક્વિડ નાઈટ્રોજન શો નું આયોજન કરવામાં આવેલ છે તેમજ ડી. લાલ દ્વારા અંધશ્રદ્ધા નિવારણના પ્રયોગો પણ પ્રસ્તુત કરવામાં આવશે. આ દિવસની ઉજવણીના ભાગ રૂપે જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર ખાતે My Own Collection પ્રદર્શન મુલાકાતીઓ માટે ખુલ્લુ મૂકવામાં આવશે. ધ લેડી વિલ્સન મ્યુઝિયમ,ધરમપુર ખાતે Contribution of Indian museums to cultural and social aspects થીમ પર ફોટો પ્રદર્શન પ્રદર્શિત કરવામાં આવશે. ધ લેડી વિલ્સન મ્યુઝિયમ, ધરમપુરના ક્યુરેટર ડૉ.ઈન્દ્ર વત્સ દ્વારા "Contribution of Indian MuseumÓs in Cultural and Social Aspects" વિષય ઉપર લોકપ્રિય વિજ્ઞાન વ્યાખ્યાન જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર,ધરમપુર ખાતે આપવામાં આવશે તથા જિલ્લા વિજ્ઞાન કેન્દ્રના શિક્ષા અધિકારી, પ્રજ્ઞેશ રાઠોડ દ્વારા ધ લેડી વિલ્સન મ્યુઝિયમ, ધરમપુર ખાતે "Relevance and benefits of museums and museology" વિષય ઉપર લોકપ્રિય વિજ્ઞાન વ્યાખ્યાન આપવામાં આવશે.

# ડેન્ગ્યુને કારણે દર વર્ષે લાખો લોકો મૃત્યુ પામે છે





**વિજ્ઞાનજગત**
**લેખક :દીપક જગતાપ**



આજની દુનિયામાં ડેન્ગ્યુ એક ગંભીર રોગ તરીકે ઉભરી આવ્યો છે. આ જીવલેણ રોગને કારણે દર વર્ષે લાખો લોકો મૃત્યુ પામે છે. આપણા દેશમાં પણ દર વર્ષે મોટી સંખ્યામાં લોકો આ રોગનો શિકાર બને છે, તેથી જ લોકોને ડેન્ગ્યુ રોગ વિશે જાગૃત કરવા દર વર્ષે નેશનલ ડેન્ગ્યુ ડેની ઉજવણી કરવામાં આવે છે. ડેન્ગ્યુનો રોગ એડીસ મચ્છરના કરડવાથી થાય છે અને આમાં દર્દીના શરીરમાં પ્લેટલેટ્સ ઝડપથી ઘટવા લાગે છે. જો પ્લેટલેટ્સ ખૂબ જ ઓછા થઈ જાય, તો તે દર્દીના મૃત્યુ તરફ દોરી જાય છે. ડેન્ગ્યુ વિશે જાગૃતિ ફેલાવવા માટે ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયની ભલામણ પર આ દિવસે ભારતમાં રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

મેલેરિયાની જેમ ડેન્ગ્યુ પણ એક પ્રકારનો તાવ છે, જે મચ્છર કરડવાથી થાય છે. આ મચ્છરો એડીસ ઈજિપ્તી તરીકે ઓળખાય છે. તે ચાર પ્રકારના હોય છે, ટાઈપ-૧, ટાઈપ-૨, ટાઈપ-૩, ટાઈપ-૪. બોલચાલની ભાષામાં તેને બ્રેક બોન ફીવર પણ કહે છે. આ મચ્છરો રાત કરતાં દિવસ દરમિયાન વધુ અસરકારક હોય છે, જેના કરડવાથી શરીર અને સાંધામાં વધુ દુઃખાવો થાય છે.

ડૉ. આર. પી.પારાશર કહે છે કે, ડેન્ગ્યુની સારવારમાં આયુર્વેદિક દવાઓ અસરકારક છે, જેની કોઈ આડઅસર થતી નથી. તાવના તમામ દર્દીઓએ પહેલા દિવસથી જ કાલમેઘ, આમળા, પપૈયાના પાનનો રસ, ગિલોય અને હરસિંગરના પાનનો ઉકાળો લેવો જોઈએ, જેથી ડેન્ગ્યુનો ચેપ ગંભીર સ્થિતિમાં ન પહોંચે

ચોમાસાની શરૂઆત બાદ ડેન્ગ્યુના કેસો દેખાવા લાગે છે. વાસ્તવમાં ડેન્ગ્યુ મચ્છર ચોખ્ખા પાણીમાં જ થાય છે, આવી સ્થિતિમાં બેદરકારીના કારણે ડેન્ગ્યુ ફેલાવાની શક્યતા વધી જાય છે.

**ડેન્ગ્યુરોગના લક્ષણો :**
ડેન્ગ્યુના મચ્છરો જુલાઈથી ઓક્ટોબરના મહિનાઓ વધુ સક્રિય બને છે. વાસ્તવમાં, આ સમય દરમિયાન વરસાદને કારણે પાણી સ્થિર થવાની સંભાવના છે, જેના કારણે આ પાણીમાં ડેન્ગ્યુના મચ્છર થાય છે. ડેન્ગ્યુમાં ઘણા પ્રકારના -રંભિક લક્ષણો જોવા મળે

**ડેન્ગ્યુથી બચવાના ઉપાયો :**
ડેન્ગ્યુથી બચવાનો શ્રેષ્ઠ માર્ગ ચેપગ્રસ્ત એડીસ મચ્છરના કરડવાથી પોતાને બચાવવાનો છે. ખાસ કરીને જ્યારે તમે ટ્રોપિકલ વિસ્તારમાં રહો છો અથવા ત્યાં મુસાફરી કરી રહ્યાં છો. આ સાથે ઘરની આજુબાજુ મચ્છરોની ઉત્પત્તિ ન થાય તે માટેના પગલાં લેવા પણ જરૂરી છે.

ઘરની અંદર મચ્છરોને દૂર કરવા માટે કોઈલનો ઉપયોગ કરો,ઘરની તમામ બારી-દરવાજા બરાબર બંધ રાખો, સૂતી વખતે મચ્છરદાનીનો ઉપયોગ કરો.જો તમને ડેન્ગ્યુના લક્ષણો દેખાય તો તરત જડોક્ટરનો સંપર્ક કરો.,કૂલરમાં લાંબા સમય સુધી પાણી સ્થિર ન થવા દો. ઘરમાં હાજર વાસણો અને અન્ય વસ્તુઓમાં પાણીનો સંગ્રહ ન થવા દો.સમયાંતરે મચ્છર નિવારક દવાઓનો છંટકાવ કરો.

મચ્છરના કરડવાના ત્રણ થી પાંચ દિવસોમાં દર્દીને સામાન્ય તાવના લક્ષણો જોવા મળે છે. શરીરમાં બીમારી ૩થી ૧૦ દિવસમાં આવી શકે છે. ટેસ્ટ જરૂરથી કરાવો જો તમને તાવ, સાંધામાં દુખાવો અને શરીર ફોલ્લી થઈ હોય. પહેલા જ દિવસે ડેંગ્યુનો ટેસ્ટ કરાવો જોઈએ. ડેન્ગ્યુની તપાસમાં શરૂઆતમાં એન્ટીજન બ્લડ-ટેસ્ટ કરવામાં આવે છે, જેમાં ડેન્ગ્યુ કેવા પ્રકારનો છે તે જાણી શકાય છે. આ ટેસ્ટમાં ડેન્ગ્યુ શરૂઆતમાં વધારે પોઝિટિવ આવે છે ત્યારબાદ ધીરે ધીરે તેની પોઝિટિવિટી ઓછી થવા લાગે છે. આ ટેસ્ટ ભરેલા અથવા ખાલી પેટે કરાવી શકાય છે.

# ગુજરાત સાયન્સ સિટીમાં એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરી ખુલ્લી મુકાઈ





**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

અમદાવાદમાં આવેલી ગુજરાત સાયન્સ સિટીનાં વિવિધ આકર્ષણો બાળકોથી લઈને વડીલો સુધીના તમામ ઉંમરના મુલાકાતીઓને આકર્ષે છે. આ સાયન્સ સિટીમાં હવે વધુ એક નવું નજરાણું એસ્ટ્રોનૉમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરીંનો પ્રારંભ થયો છે.

ગુજરાત સરકારના વિજ્ઞાન અને -ૌદ્યોગિકી વિભાગ હેઠળ કાર્યરત સાયન્સ સિટી, અમદાવાદમાં એક નવીનત્તમ ગેલેરી, 'એસ્ટ્રોનૉમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરી' ૧૫ મે ૨૦૨૫થી મુલાકાતીઓ માટે ખુલ્લી મૂકવા આવી છે. સૌરમંડળની દિવ્ય રચના ઉપર આધારિત આ ગેલેરી એક અદ્ભુત શૈક્ષણિક અને માહિતીસભર બની રહેશે.


આ અવસરે સાયન્સ અને ટેક્નોલોજી વિભાગના અગ્ર સચિવ શ્રી મોના ખંધારે એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરી વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં સાયન્સ સિટી આકર્ષણનું કેન્દ્ર બની રહી છે.

સાયન્સ સિટી સ્થિત એક્વેરિયમ, રોબોટિક ગેલેરીની ભવ્ય સફળતા બાદ આજે ત્રીજી એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ ગેલેરી મુલાકાતીઓ માટે ખુલ્લી મૂકવામાં આવશે. આ ગેલેરીમાં ભારતનું વિશેષ યોગદાન દર્શાવવામાં આવ્યું છે, એવું તેમણે ઉમેર્યું હતું. વધુમાં મોના ખંધારે આ એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરીની વિશેષતા અને મહત્ત્વ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓ માટે વિશેષ એક્ટિવિટી અને ૩- ડી ફિલ્મનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લખનીય છે કે, કુલ ૧૨,૭૯૭ ચોરસ મીટરના વિસ્તારમાં આવેલી આ ગેલેરીમાં મધ્યમાં સૂર્યનું પ્રતિનિધિત્વ કરતો, ત્રણ માળ જેટલો ઊંચો વિશાળ ગ્લોબ આવેલો છે, જેની ફરતે અન્ય ગ્રહોની ગોઠવણ પણ જોઈ શકાય છે. ત્રણ માળની બનેલી આ ગેલેરીમાં છ મુખ્ય વિભાગો આવેલા છે. આ સાથે ફંડામેન્ટલ્સ એન્ડ હિસ્ટ્રી વિભાગમાં ૪૭ એક્ઝિબિટ્સ મૂકવામાં આવ્યા છે, જે એસ્ટ્રોનોમીના મૂળ સિદ્ધાંતો અને તેના ઈતિહાસની માહિતી આપે છે.

પ્રેઝન્ટ ગેલેરી વિભાગમાં વર્તમાન સમયને અનુલક્ષીને અવકાશ મિશન અને તેને લગતી શોધોના ૩૦ જેટલા વિવિધ એક્ઝિબિટ્સ મૂકવામાં આવ્યા છે. આવી જ રીતે ફ્યુચર ગેલેરી વિભાગમાં સંશોધનના ભાવિ દૃષ્ટિકોણને ખ્યાલમાં રાખી ૨૪ એક્ઝિબિટ્સ બનાવવામાં આવ્યાં છે.

## બ્રહ્માંડની રસપ્રદ જાણકારી મેળવવાનું સ્થળ બનશે



ભારતના એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સના યોગદાનને ધ્યાને રાખી ખાસ વિજ્ઞાન ગેલેરી પણ બનાવવામાં આવી છે, જેમાં વિવિધ ૩૨ એક્ઝિબિટ્સનો સમાવેશ થાય છે. સ્ટેરલર ગેલેરીમાં વિવિધ તારાઓ અને તારામંડળોની રચનાની માહિતી આપતા ૮ એક્ઝિબિટ્સ મૂકવામાં આવ્યા છે. સાથે-સાથે વર્ચ્યુઅલ રિયાલિટી ગેલેરીમાં અવકાશનો વર્ચ્યુઅલ પ્રવાસ કરાવતા ૪ એક્ઝિબિટ્સ મૂકવામાં આવ્યા છે. આ ઉપરાંત ચાર એટ્રિયમ આધારિત અને ૬ આઉટડોર ઈન્સ્ટોલેશન પણ મુલાકાતીઓને યુનિક અનુભવ આપશે. ગુજરાત સાયન્સ સિટી દ્વારા ઊભી કરવામાં આવેલી આ ગેલેરીમાં વૈજ્ઞાનિક માહિતી તેમજ વિઝ્યુઅલ દ્વારા નવી પેઢી માટે બ્રહ્માંડની રસપ્રદ જાણકારી મેળવવાનું સ્થળ બનશે.

## ગેલેરીની મુખ્ય વિશેષતાઓ



૧૭૨ બેઠક ક્ષમતા ધરાવતો હાઈબ્રિડ ડોમ પ્લેનેટેરિયમ, જે દેશનો એકમાત્ર ઊંચો પ્લેનેટેરિયમ છે. આ સાથે ૨૪ ઈંચ ટેલિસ્કોપ યુક્ત ઓબ્ઝર્વેટરી ડોમ, જેમાં ૩૬૦-ડિગ્રી વ્યૂઈંગ અને અદ્યતન એસ્ટ્રોફોટોગ્રાફી સાધનો ઉપલબ્ધ છે.આ ઉપરાંત ૬.૫ મીટર વ્યાસ ધરાવતો વિશ્વનો સૌથી મોટો મિકેનિકલ ઓરરી મુકાયો છે, જે ગ્રહોની ગતિને દર્શાવે છે.

# ગાંધીનગરના નિસર્ગ વિજ્ઞાન કેન્દ્ર નેશનલ ટેકનોલોજી દિવસની ઉજવણી

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**



ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી -ેરીત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, સેક્ટર ૨૩, ગાંધીનગર ખાતે નેશનલ ટેકનોલોજી દિવસ ની ઉજવણી કરવામાં આવી. ૧૧ મેના રોજ સમગ્ર દેશમાં દર વર્ષે આ દિવસ ભારતના વૈજ્ઞાનિક ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામના માર્ગદર્શન હેઠળ ૧૯૯૮ના પોખરણ પરમાણુ પરીક્ષણની યાદમાં ઉજવાય છે.ભારતની વૈજ્ઞાનિક સિદ્ધિઓ અને ટેક્નોલોજીકલ પ્રગતિને ઉજવવા માટે ટેકનોલોજી દિવસ ની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને વિજ્ઞાન પ્રેમીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો

કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓ અને યુવાવર્ગને આધુનિક ટેકનોલોજીથી ઓળખાણ કરાવવી અને કૃત્રિમ બુદ્ધિ (AI) જેવી નવીનતમ સિદ્ધિઓ વિશે સમજ આપવામાં આવી.ઈન્ડસ યુનીવર્સીટીના એસોસિયેટ પ્રોફેશર, ટેકનોલોજીના તજજ્ઞ કૌશલ જાનીએ, આર્ટીફીશીયલ ઈન્ટેલિજન્સ (એ.આઈ.) અને ચેટજીપીટી વિષય પર માહિતી આપી. તેમણે ચેટજીપીટી કેવી રીતે કાર્ય કરે છે, તેનો શૈક્ષણિક અને વ્યવસાયિક ઉપયોગ કેવી રીતે કરી શકાય અને તેમાં રહેલા અવસરો અને પડકારો વિશે રસપ્રદ ઉદાહરણો સાથે સમજાવ્યું હતું.

નિસર્ગ સાયંસ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડો.અનિલભાઈ પટેલે વિદ્યાર્થીઓને જુદા-જુદા ક્ષેત્રોમાં ભવિષ્યમાં આવનારી ટેકનોલોજી વિષે રસપ્રદ માહિતી આપી હતી. વિવિધ ક્ષેત્રો જેવા કે ખેતી,સરક્ષણ, આરોગ્ય, ઉદ્યોગો, વાહન વ્યવહાર વગેરે ક્ષેત્રોમ આવનારા વર્ષોમાં કેવી ક્રાંતિ આવશે અને વિશ્વમાં વપરાતી નાવીન્ય ટેકનોલોજી વિષે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

વિદ્યાર્થીઓને જૂની ટેકનોલોજી આધારિત વિવિધ સાધનો જેવા કે ગ્રામોફોન રેકોર્ડર, કેસેટ પ્લેયર, રેડિયો, પેઝર, જુના લેન્ડલાઈન ફોન, કેમેરા, વીસીઆર, દેખાડવામાં આવ્યા હતા. તેમજ હાલ ની લેટેસ્ટ ટેકનોલોજી જેવી કે થ્રીડી પ્રિન્ટર, એમેઝોન એલેક્ઝા, ગુગલ ગ્લાસ વગેરેની નિદર્શન ધ્વારા માહિતી આપવામાં આવી હતી. આઈ.ટી. અને AI ના યુગમાં આ ટેક્નોલોજી તથા નેનો ટેકનોલોજીનો સમન્વય કરીને ખુબજ નાના સાધનો દ્વારા ઘણું કામ મેળવી શકીશું તેવી વાત કરવામાં આવી આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ મોટી સંખ્યામાં પ્રદર્શન નિહાળ્યું હતું. વિદ્યાર્થીઓમાં ટેકનોલોજી પ્રત્યે ઉત્સાહ અને જિજ્ઞાસા જોવા મળી.

# The Neighbor Star: Proxima Centauri




Every morning, we see the Sun rising from the east and setting in the west. The effect of day and night is due to the rotation of the very planet on which we are living, the Earth. Now, whether you know it or not, the Sun is just one of the billions of stars out there in the Universe. All the stars that we see at nighttime are of the same category that the Sun belongs to - they are all stars. The stars that we see at nighttime appear small because of the vast distance that lies between them and us. And the Sun is relatively very close to us and thus appears huge, and we can feel its energy in the form of heat and light.

The next nearest star to us is Proxima Centauri. It is not visible to the unaided eyes as it is small and faint compared to the Sun. The star Proxima Centauri is located at a distance of 4.25 light years and was discovered in the year 1915 by Robert Innes, a British-born astronomer.

The Sun is approx. 15 crore kms away while Proxima Centauri is 40 trillion kms away! And still, it is our nearest neighbor star after the Sun. The Proxima Centauri star is a subject of great interest and research for scientists, as it is not just a single star wandering in the Universe. But, it is a part of the whole star system and also has planets. Proxima Centauri is a member of the Alpha Centauri star system along with 2 more stars known as Rigil Kentaurus and Toliman, also popularly known as Alpha Centauri A and Alpha Centauri B respectively. These 2 other stars are in fact a binary pair, and they appear as one star in the night sky to the naked eye. The binary pair, which means they both revolve around a common point in the space between them.

So, we have a star, Proxima Centauri, and then a binary star system, the whole being Alpha Centauri. In this star system of 3 stars, the star Proxima Centauri is nearest to the Earth. As of 2022, three planets have been detected in orbit around Proxima Centauri.Out of these 3 planets, one is confirmed and 2 are yet to be confirmed. The one which is confirmed, is close to the size of the Earth. Scientists have been trying to look for other exoplanets around Proxima Centauri.

Studying Proxima Centauri and its planets also sheds light on the evolution of our own Solar System and several other aspects of stars and planets. The author has a keen interest in popularizing astronomy among students and the public and welcomes any queries pertaining to the subject. He can be reached at hemalshah8177@gmail.com and will be happy to answer them. The picture is of the VLT (Very Large Telescope) of ESO (European Space Agency) situated in Chile. It also showcases the bright stars and constellations and includes the Alpha Centauri star system.



**Astronomy360**
**- Hemal S. Shah**


**દમણગંગા ટાઈમ્સ**

દર શુક્રવારે પ્રકાશિત થતાં વિજ્ઞાન વિભાગમાં વિજ્ઞાન શિક્ષકો, વિદ્યાર્થીઓ કે અન્ય જીજ્ઞાસુઓ વિજ્ઞાન વિષયક સમાચારો, પોતાના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિષયના ટૂંકા લેખો, સાયન્સ પ્રોજેક્ટ કે જનરલ નોલેજની વિગતો પોતાના નામ-સરનામા સાથે લખીને મોકલી શકે છે.

**સંપર્કઃ સંપાદક, દમણગંગા ટાઈમ્સ, વિજ્ઞાન વિભાગ ને.હા.નં.૮ દમણગંગા ટાઈમ્સ કાર્યાલય,વાપી**

# ભરૂચનાં સ્વામિનારાયણ મંદિરને ઉડાવી દેવાની ધમકી

## સ્વામિનારાયણ મંદિરને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપનાર તોસીફ પટેલ નામના શખ્સની પોલીસે ધરપકડ કરી લીધી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

ભરૂચ,તા.૧૫, ભરૂચ NH ૪૮ પર ઝાડેશ્વર સ્થિત સ્વામીનારાયણ મંદીરને બોમ્બ બ્લાસ્ટ કરી ઉડાવી દેવાની ધમકી મળતા જ જિલ્લાનું પોલીસ તંત્ર એક્શનમાં આવી ગયું હતું. હાલમાં ભારત અને પાકીસ્તાન વચ્ચે તણાવભરી સ્થિતિને લઈ ભરૂચ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાની સૂચના હેઠળ જિલ્લાનું પોલીસ તંત્ર પહેલેથી જ સતર્ક હતું. ભરૂચ સી ડિવિઝન PI એ.વી પાણમીયાને ભરૂચ પોલીસ કંટ્રોલ રૂમ અને ડીઝાસ્ટર કંટ્રોલમાંથી મેસેજ મળ્યો હતો કે, એક ઈસમે મોબાઈલ ફોનથી સ્વામિનારાયણ મંદિરને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપી છે. રાત્રીના એક થી બે વાગ્યાના સમય દરમ્યાન ૪ વ્યક્તિઓ ઝાડેશ્વર ખાતે આવેલા BAPS સ્વામીનારાયણ મંદીરને બોમ્બથી ઉડાવી દેવાના છે.

બૉમ્બ બ્લાસ્ટથી મંદિર ઉડાવી દેવાના ધમકી ભર્યા કોલને લઈ SOG PI એ.એ ચૌધરી અને સી ડિવિઝન PI એ.વી.પાણમીયાના માર્ગદર્શન હેઠળ બન્ને પોલીસ મથકનો સ્ટાફ, સર્વેલન્સ સ્કોડ સાથે બોમ્બ સ્કોડને લઈ સ્વામીનારાયણ મંદિરે પોહચી હતી. સાથે જ કોલ કરનાર વ્યક્તિની તપાસ શરૂ કરી દેવાય હતી. મંદિરને બૉમ્બથી ઉડાવવાનો કોલ કરનાર વ્યક્તિ ભરૂચ રેલ્વે સ્ટેશન પાસે હોવાની હકીકત મળતા ત્યાંથી તેને પકડી લેવાયો હતો.

કોલ કરનાર શહેરના જંબુસર બાયપાસ પર સફારી પાર્કમાં રહેતો તોસીફ આદમ પટેલ હોવાનું બહાર આવ્યું હતું. તેની પૂછપરછમાં આરોપીના બંને ભાઈઓ તેને મિલ્કતમાં ભાગ આપતા ન હોય. અને તેના બનેવી ખોટી રીતે હેરાન કરતા હોવાથી મંદિરને બોમ્બથી ઉડાવવાનું તરક્ત રચ્યું હોવાની કબૂલાત કરી હતી. બન્ને ભાઈઓ અને બનેવીને પોલીસ કાર્યવાહીમાં ફસાવવા તોસીફે પોતાના મોબાઈલ પરથી ભરૂચ કંટ્રોલ રૂમમાં રાત્રીના એકથી બે વાગ્યાના સમય ગાળા દરમ્યાન સ્વામીનારાયણ મંદીરને બોમ્બ બ્લાસ્ટ કરવાનો કોલ કર્યો હતો.

પોલીસ ટીમોએ BAPS સ્વામિનારાયણ મંદિરે એંટી સબોર્ટેજની કાર્યવાહી કરતા બોમ્બ સબંધી કોઈ સંદિગ્ધ વસ્તુ મળી આવી ન હતી. આરોપી તોસીફ સામે સી ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# માવઠાએ અગરિયાઓની મહેનત પર પાણી ફેરવી દેતા ૩૦ કરોડનું નુકસાન

(સંપૂર્ણ સમાચાર સેવા)

કચ્છ,તા.૧૫

માવઠાને કારણે અગરિયાઓની લોહી-પાણી એક કરીને કરેલી મહેનત પર પાણી ફરી વળ્યુ છે. કમોસમી વરસાદે ન માત્ર ખેડૂતોની મુશ્કેલી વધારી છે. પરંતુ રાજ્યના અગરિયાઓ પર પણ સૌથી મોટી આફત તૂટી પડી છે. કાળી મજૂરી કરી લોકોની રસોઈમાં સ્વાદ લાવતા અગરિયાઓને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલા કચ્ચના નાના રણમાં ભારે વરસાદને પગલે અગરિયાઓના પાટા ધોવાઈ ગયા છે. બીજી તરફ ૩૦ કરોડ રૂપિયાની કિંમતનું મીઠુ રણમાં જ અટવાઈ પડ્યુ છે. સ્થિતિ એવી છે કે સફેદ મીઠુ પકવવા કાળી મજૂરી કરતા લગભગ ૨૫૦૦ જેટલા અગરિયાઓના મોં માં આવેલો કોળિયો છીનવાઈ શકે છે.


દેશના કુલ ઉત્પાદનના ૭૬ ટકા મીઠાનું ઉત્પાદન એક માત્ર ગુજરાતમાં જ થાય છે અને તેમાંથી પણ ૩૫ ટકા જેટલું મીઠું તો સુરેન્દ્રનગર જિલ્લાના કચ્છના નાના રણમાં જ પાકે છે. પરંતુ, માવઠાને પગલે અગરિયા સમુદાય ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયો છે. હાલ ખારાઘોડા ગંજે મીઠું ખેંચવાની સીઝન પૂરજોશમાં ચાલી રહી છે. અત્યાર સુધીમાં ૮ લાખ મેટ્રિક ટન મીઠું ખારાઘોડા ગંજે લાવવામાં આવ્યું છે. પરંતુ, હજુ ૭ લાખ ટન મીઠું રણમાં જ અટવાઈ પડ્યું છે. એટલે કે લગભગ ૩૦ કરોડની કિંમતના મીઠા પર જોખમ તોળાઈ રહ્યું છે. કમોસમી વરસાદથી પાટા ધોવાતા અંદાજે એક-એક અગરિયા પરિવારનું ૫૦ હજારની કિંમતનું મીઠું ધોવાઈ ગયું છે અને હજુ ૧૫ થી ૨૦ ટકા મીઠાનું ધોવાણ થઈ જાય તેવી શક્યતા સેવાઈ રહી છે. છેલ્લા ૪ થી ૫ વર્ષથી માવઠાને પગલે અગરિયાઓ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. ત્યારે હવે સરકાર સત્વરે કોઈ મદદ કરે તેવી માંગ ઉઠી રહી છે.

કચ્છના નાના રણ તેમજ રણકાંઠાના વિસ્તારોમાં ૩.૫ ઈંચથી ચાર ઈંચ વરસાદ ખાબકતા મીઠા ઉદ્યોગની જાણે કમર તૂટી ગઈ છે. રણમાં જવા-આવવા માટે પાક્કો રસ્તો ન હોવાથી દર વર્ષે આવી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોવાના પણ આક્ષેપ ઉઠી રહ્યા છે. ત્યારે સરકાર સત્વરે પાકો રસ્તો બનાવે. તેવી પણ માંગ ઉઠી રહી છે. જેથી માવઠાની પરિસ્થિતિમાં બચી શકાય. તો મીઠાના વેપારીઓ દ્વારા સર્વાનુમતે મીઠાના ભાવમાં ટને રૂપિયા ૩૦૦નો વધારો કરાયો છે. જેથી અગરિયાઓને મદદ મળી શકે. આ તરફ ભરૂચમાં પણ માવઠાના કારણે મીઠા કરતા ઉત્પાદકોનો આ વર્ષે ૫૦૦ કરોડોનો ફટકો પડે તેવી શકયતાઓ છે. ભરૂચ જિલ્લો દેશના મોટા મીઠા ઉત્પાદક પૈકીનો એક છે. ગત વર્ષે ઓક્ટોબર મહિનામાં અને તાજેતરમાં મે મહિનાના પહેલા સપ્તાહમાં વાવાઝોડા સાથે આવેલા કમોસમી વરસાદે કુલ ઉત્પાદનનાં ૭૦ ટકા મીઠાને ધોઈ નાખ્યું હતું. ત્યારે ઈન્ડિયન સોલ્ટ મેન્યુફેક્ચર એસોસિયેશનના ઉપપ્રમુખ સુલતાન પટેલના જણાવ્યા અનુસાર કમોસમી વરસાદની મારના કારણે મીઠા ઉદ્યોગને ૫૦૦ કરોડ રૂપિયાનો ફટકો પાડવાનો અંદાજ છે. હાલ માવઠાને કારણે મોટી નુકસાનીમાં મુકાયેલી અગરિયાઓની એક જ માંગ છે કે સરકાર સત્વરે આ અંગે કોઈ પગલાં લે. કોઈ રાહત પેકેજની જાહેરાત કરે. જેથી અણધારી આવેલી આ આફતમાંથી તેઓ બહાર આવી શકે

# વાપીમાં પ્રવચનસભા મંત્રમુગ્ધ બની

## પહેલા બે ઝઘડતા ત્યારે ત્રીજો છોડાવવા આવતો, હવે વિડીયો ઉતારવા આવે છે : આચાર્ય શ્રી યશોવર્મસુરીજી

**વાપી, તા. ૧૫ :** વાપી જૈન સંઘ આયોજિત પ્રવચન સભાને શ્રી અજીતનાથદાદાના શ્રી લબ્ધીસુરી જ્ઞાન મંદિરમાં ઉમટેલી જનમેદનીને પૂજ્ય લબ્ધી-વિક્રમગુરુ પટ્ટરત્ન પૂજ્યપાદ રાડપટ્ટીના ગુરુદેવ શ્રદ્ધેય જૈનાચાર્ય શ્રીમદ વિજય યશોવર્મસુરીશ્વરજી મહારાજાએ સંબોધી હતી ત્યારે આખીય સભા મંત્રમુગ્ધ બની ભીની બની ગઈ હતી. ધર્મ પૈસાથી જ થાય છે, અને પૈસાદારો જ કરી શકે એવી ભ્રામક માન્યતાઓ ના ભુક્કા ઉડાડતા પૂજ્ય ગુરુદેવે પોતાના અદભુત પ્રવચનમાં ફરમાવ્યું કે ધર્મ ઉત્સવો પ્રસંગોએ પૈસાથી થાય. પણ ધર્મ તો ભાવથી જ થાય. ધર્મ એ આંતરિક સંવેદન છે. જે ભાવથી જ શક્ય બને છે. ચંદનબાલાના ત્યાં શ્રી મહાવીર ભગવાન પધાર્યા ને, શબરીને ત્યાં રામ... એ બે માં કોણ પૈસાદાર હતું ?? ભગવાન ભાવ થી ફળે છે, દ્રવ્ય તો ઉત્સવ ઉજવે. વધુમાં... તમે કેટલું કરો છો, કે શું કરો છો, તેના કરતાં વધારે મહત્વનું તો એ જ છે કે તમે શા માટે કરો છો... ને કયા ભાવથી કરો છો, તે સૌથી વધુ મહત્વનું છે. ને ફળ પણ




એ પ્રમાણે જ મળે. ધર્મ કરનારો એક બીજાને નીચા દેખાડવાનો પ્રયત્ન ન કરે. જો એ સાચો ધર્મી હોય તો કોઈનુંય ઊંચું નીચું કરવામાં ભાગ નહીં લે. જેનો ઘરમાં પરિવાર જોડે મેળ ન પડે, તેનો પ્રભુ જોડે મેળ પડે તે શક્ય નથી... તારીખ ૩૧ મે પુષ્ય નક્ષત્રમાં મુંબઈના સ્ટાર્ટ ને મેન હાઈવે પર આવેલા પ્રાયઃ સૌથી વધુ ગુરુભગવંતો પધારે છે એવા ગિરનાર ધામ (એન. એચ. ૪૮) ચીંચોટી નાકા સ્થિત વિહારધામ નિર્માણ પામ્યું છે. એના ઉદ્ઘાટન પ્રસંગે પધારતા પૂજ્ય ગુરુદેવશ્રી આજે વાપી માં ઘર મંદિરની પ્રતિષ્ઠા પ્રવચન કરી કાલે ભીલાડમાં પ્રતિષ્ઠા પ્રવચન કરી તારીખ ૧૮ ના ઉમરગામ જી.આઇ.ડી.સી. સંઘ શંખેશ્વર પાર્શ્વનાથ જીનાલયે ધજારોહણ પ્રસંગે પધારશે.

### સિકલસેલ એનિમિયા નાબૂદી અભિયાન-૨૦૪૭ અંતર્ગત

# સુરત ખાતે ગુજરાતના પ્રથમ સેન્ટર ઓફ કોમ્પીટેન્સીને મંજૂરી

## દક્ષિણ ગુજરાતમાં સિકલસેલ અસરગ્રસ્ત વિસ્તાર તથા આદિજાતિ સમુદાયની વસ્તી વધુ હોવાથી ન્યુ સિવિલ હોસ્પિટલ - સુરતની CoC માટે પસંદગી



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વરદ્હસ્તે તા. ૦૧ જુલાઈ-૨૦૨૩ના રોજ શાહડોલ, મધ્યપ્રદેશથી ભારતભરમાંથી "સિકલસેલ એનિમિયા નાબૂદી અભિયાનનો શુભારંભ થયો. આ અભિયાન હેઠળ વર્ષ-૨૦૪૭ સુધીમાં સિકલસેલ એનિમિયા નાબૂદી માટે પ્રતિબદ્ધતા નક્કી કરવામાં આવી તે અંતર્ગત સુરત ખાતે ગુજરાતના પ્રથમ સેન્ટર ઓફ કોમ્પીટેન્સી-ને કેન્દ્ર સરકારના આદિજાતિ મંત્રાલય દ્વારા મંજૂરી આપવામાં આવી છે. જેમાં સિકલસેલ એનિમિયાની આધુનિક સારવાર, નિદાન અને સંપૂર્ણ નાબૂદી માટે ભારત સરકારના આરોગ્ય- પરિવાર કલ્યાણ તેમજ જનજાતિ કાર્ય મંત્રાલય દ્વારા ગુજરાતને રૂ. ૬ કરોડની માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે તેમ આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેર ડિંડોરે જણાવ્યું હતું.

આદિજાતિ મંત્રી ડિંડોરે વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આદિજાતિઓના સ્વાસ્થ્યની સંભાળ માટે વર્ષ ૨૦૦૫-૦૬થી સિકલસેલ નિયંત્રણ માટે ગુજરાતમાં અનેક પગલાંઓ લીધા તે ઉપરાંત રક્તદાન કેન્દ્ર (VRK), વલસાડ તેમજ બારડોલી ખાતે સિકલસેલ ફાઉન્ડેશન વગેરેના સહયોગથી સિકલસેલ રોગના નિયંત્રણ માટે આશાસ્પદ કામગીરી કરવામાં આવી રહી છે. આ રોગના નિયંત્રણ માટે ગુજરાત અન્ય રાજ્યો માટે પથદર્શક સાબિત થયું છે ત્યારે ગુજરાતમાં ન્યુ સિવિલ હોસ્પિટલ, સુરત ખાતે સ્થપાનાર "સેન્ટર ઓફ કોમ્પીટેન્સી-CoC' રાજ્યમાં "સિકલસેલ એનિમિયાઁ માટે પરિણામલક્ષી કામગીરી કરીને ગુજરાતમાંથી સિકલસેલ નાબૂદ કરવા માટે મહત્વપૂર્ણ સેન્ટર સાબિત થશે. આ સેન્ટરમાં રોગના દર્દીઓની સંભાળ, સારવાર, શિક્ષણ અને સંશોધન કાર્ય પણ કરવામાં આવશે. વધુમાં સેન્ટરમાં સિકલસેલના દર્દીઓ માટે આધુનિક ઉપકરણોથી સજ્જ લેબોરેટરીની સાથે સારવાર માટે ૩૦ પથારીની વ્યવસ્થા તેમજ બે ત્ઙ્ગ બેડ પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમ, મંત્રી શ્રીએ ઉમેર્યું હતું.

આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી કુંવરજી હળપતિએ આ અંગે વધુ માહિતી આપતાં જણાવ્યું હતું કે, આ રોગ ખાસ કરીને આદિજાતિ ભાઈ - બહેનોમાં જોવા મળે છે. ગુજરાતના આદિજાતિ વસ્તી ધરાવતા ૧૪ જિલ્લામાં દક્ષિણ ગુજરાતમાં આદિજાતિ સમુદાયની વધુ વસ્તી અને દર્દીઓની સંખ્યા વધુ હોઈ, CoC માટે ન્યુ સિવિલ હોસ્પિટલ -સુરતની પસંદગી કરવામાં આવી છે.

સિકલસેલ જેવા આનુવાંશિક રોગ બાબતે રોગ નિયંત્રણાત્મક અને સારવાર સંબંધી સરકારની તેમજ ઉચ્ચ પ્રકારની સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે આ અંગે સંશોધન અભ્યાસો કરવામાં આવશે. તે અભ્યાસો આધારે આદિવાસી સમુદાયમાં જાગૃતિ, નિવારણાત્મક બાબતો તેમજ આદિજાતિ વિસ્તારોના આરોગ્યકર્મીઓને વિશેષ સમજ વિસ્તૃત કરવામાં આવશે. સિકલસેલ જેવા આનુવંશિક રોગથી આદિવાસી સમુદાયને પેઢી દર પેઢી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે તેનું નિવારણ લાવવામાં CoC મહત્વની ભૂમિકા ભજવશે.


દમણગંગા ટાઇમ્સ


સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com


# ભારત, પાકિસ્તાનના પરમાણુ બ્લેકમેલીંગને નિષ્ફળ બનાવી વિશ્વમાં નવા યુગના યુદ્ધ નેતા તરીકે ઉભર્યુ

**ભા**રત અને પાકિસ્તાન વચ્ચે ચાર દિવસ ચાલેલી લશ્કરી અથડામણે નવી દિલ્હીને પરંપરાગત યુદ્ધમાં કહેવાતા પરમાણુ શસ્ત્રોથી સજ્જ પાકિસ્તાન પર તેની વ્યૂહાત્મક શ્રેષ્ઠતા સ્થાપિત કરવામાં મદદ કરીહતી. જ્યારે ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બુદ્ધ પૂર્ણિમાના અવસરે રાષ્ટ્રજોગ સંબોધન દરમિયાન ઈસ્લામાબાદને સ્પષ્ટ કર્યું કે નવી દિલ્હી કોઈપણ 'પરમાણુ બ્લેકમેલેં સહન કરશે નહીં, ત્યારે તે હાઈ-ટેક યુદ્ધના નવા યુગમાં પાકિસ્તાનની ક્ષમતાઓ પર ભારતના વ્યૂહાત્મક ફાયદાના વિશ્વાસ પર આધારિત હતું. પ્રધાનમંત્રી મોદીનો દાવો સ્પષ્ટ હતો. ભારત આ પરમાણુ બ્લેકમેલની આડમાં ખીલી રહેલા આતંકવાદી ઠેકાણાઓ પર ચોક્કસ અને નિર્ણાયક હુમલો કરશે. આ દાવો ભારતની પોતાની ભેદકક્ષમતા અને ભારતના વળતા હુમલાને નિષ્ફળ બનાવવામાં પાકિસ્તાનની અસમર્થતા પર આધારિત હતો, જે ભારતીય સશસ્ત્ર દળો દ્વારા મુખ્ય પાકિસ્તાની હવાઈ મથકો સહિત વ્યૂહાત્મક સ્થળોએ થયેલા ભારે નુકસાનથી સ્પષ્ટ થાય છે.

જ્યારે પ્રધાનમંત્રીએ કહ્યું કે ઓપરેશન સિંદૂરએ સરહદ પારથી દેશપ્રાયોજિત આતંકવાદ સામેના અમારા પ્રતિભાવમાં એક નવુંપરિમાણ ઉમેર્યુંછે, ત્યારે તેની પાછળ એક કારણ હતું. ભારતે રણ અને પર્વતોમાં પોતાની ક્ષમતાઓનું પ્રદર્શન કર્યું અને નવા યુગના યુદ્ધમાં પણ પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી. પ્રધાનમંત્રીએ કહ્યું, `આ ઓપરેશન દરમિયાન આપણા ભારતમાં બનેલા શસ્ત્રોની વિશ્વસનીયતા પણ સાબિત થઈ હતી. આજે દુનિયા જોઈ રહી છે કે ૨૧મી સદીના યુદ્ધમાં ભારતમાં બનેલા સંરક્ષણ સાધનોનો સમય આવી ગયો છેં. ન્યૂયોર્ક ટાઈમ્સે તેના અહેવાલમાં જણાવ્યું છે કે, ભારતે આકાશતીર અને ૯-૪૦૦નો ઉલ્લેખ કરીને નવા યુગના અત્યાધુનિક હવાઈ સંરક્ષણ ઈકોસિસ્ટમનો ઉપયોગ કરીને પાકિસ્તાનની હવાઈ શક્તિને અસરકારક રીતે નિષ્ક્રિય કરીને માત્ર પાકિસ્તાનમાં ઊંડાણમાં ઘૂસીનેજ નહીં, પરંતુ ભારતીય સરહદો પાર કરવાના તેમના નાપાક પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા છે.

આકાશમાં યુદ્ધની સાથે, ભારતને પાકિસ્તાનના પ્રચારનો પણ સામનો કરવો પડ્યો કારણ કે બંને પક્ષો સમાંતર માહિતી યુદ્ધ લડી રહ્યા હતા. જ્યારે ભારતે હુમલાના પુરાવા બતાવવાનું શરૂ કર્યું, ત્યારે વિશ્વને નવા યુગના યુદ્ધમાં ભારતની સફળતા પર વિશ્વાસ કરવાની ફરજ પડી છે. દુનિયાએ એ પણ જોયું કે કોઈ દેશ માટે સ્વદેશી નેવિગેશન સિસ્ટમનો ઉપયોગ કરીને દુશ્મનના ડ્રોન અથવા મિસાઈલને શોધી કાઢવું અને દુશ્મનના અસ્ત્રોને અસરકારક રીતે તોડી પાડવા માટે વિવિધ સ્થળોએથી ઈન્ટરસેપ્ટર્સ તૈનાત કરવા કેટલું મહત્વપૂર્ણ છે. વધુમાં, દુશ્મન પર વિજય મેળવવા માટે, દેશની સૌથી મહત્વપૂર્ણ ક્ષમતા એ છે કે તે દુશ્મનના હવાઈ સંરક્ષણમાં પ્રવેશ કરે અને રડારથી બચીને, ઓછી ઊંચાઈવાળા અને સ્ટીલ્થી એર વેક્ટર્સ તૈનાત કરીને તેમના વ્યૂહાત્મક સ્થાનોને મોટા પ્રમાણમાં નુકસાન પહોંચાડે.જે સચોટ હોય અને હવાઈ મથકો, લશ્કરી થાણાઓઅને લક્ષ્યાંકિત ટાર્ગેટને ચોકસાઈથી નષ્ટ કરવાની ક્ષમતા ધરાવતા હોય. ભારત ૯ અને ૧૦ મેની રાત્રે આ બરાબર કરી શક્યું અને પુરાવા શેર કર્યા પછી દુનિયાએ તેના પર વિશ્વાસ કરવો પડ્યો છે.

ભારતીય મિસાઇલોએ પાકિસ્તાનના બંદર શહેર કરાચીથી ૧૦૦ માઇલથી ઓછા અંતરે આવેલા ભોલારી એરબેઝ પર વિમાનના હેંગરને ચોક્કસ રીતે નિશાન બનાવ્યું હતું. દ્રશ્યોમાં હેંગર જેવી જગ્યાને નુકસાન થયું હોવાનું સ્પષ્ટ દેખાતું હતું. તે જ રાત્રે પાકિસ્તાની સેનાના મુખ્યાલય અને તેમના પ્રધાનમંત્રી કાર્યાલયથી થોડા કિલોમીટર દૂર નૂર ખાન એરબેઝ પર બીજો મોટો હુમલો થયો હતો. નૂર ખાન એરબેઝ પણ પાકિસ્તાનના

## પ્રાસંગિક

પરમાણુ શસ્ત્રાગારની દેખરેખ અને રક્ષણ કરતા યુનિટથી થોડે દૂર છે. તે રાત્રે ભારતે જેના પર હુમલો કર્યો હતો, તે કદાચ આ સૌથી સંવેદનશીલ લશ્કરી લક્ષ્ય હતું. એકવાર આ લશ્કરી સિદ્ધિ પ્રાપ્ત થઈ ગયા પછી, ભારતીય નેતૃત્વને તેના પરમાણુ સિદ્ધાંતમાં `બ્લેકમેલ નહીં' પરિમાણ લાવવાનું કારણ મળ્યું. `અમે પરમાણુ બ્લેકમેલ સહન કરીશું નહીં. આપણી પાસે દુશ્મનોથી બચાવવા માટે અત્યાધુનિક એર ડિફેન્સ સિસ્ટમ તેમજ વિનાશક ઘાતક શક્તિ છેં, પીએમ મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું.

પાકિસ્તાને રહીમ યાર ખાન એરબેઝ માટે નોટિસ જારી કરવી પડી હતી. જેમાં કહેવામાં આવ્યું હતું કે રનવે કાર્યરત નથી. આ ભારતના દાવાની સ્વીકૃતિ હતી કે તેણે ખાસ કરીને પાકિસ્તાનના કેટલાક મુખ્ય એરબેઝના રનવે અને અન્ય સુવિધાઓને નિશાન બનાવ્યા હતા. સેટેલાઇટ છબીઓમાં નુકસાન દર્શાવવામાં આવ્યું હતું. પાકિસ્તાનના પંજાબ -ાંતમાં આવેલા સરગોધા એરબેઝ પર, ભારતીય સેનાએ કહ્યું કે તેણે રનવેના બે ભાગો પર હુમલો કરવા માટે ચોકસાઈવાળા શસ્ત્રોનો ઉપયોગ કર્યો હતો. બીજી બાજુ, પાકિસ્તાની સૈન્યએ બે ડઝન ભારતીય લશ્કરી સ્થાપનો અને ઠેકાણાઓને નુકસાન પહોંચાડ્યું હોવાની યાદી આપી હતી.પરંતુ તેમને ક્યારેય પુરાવા દ્વારા સમર્થન આપવામાં આવ્યું નથી. ઓપન સોર્સમાં ઉપલબ્ધ સેટેલાઈટ ઈમેજ પણ પાકિસ્તાની દાવાની પુષ્ટિ કરી રહી નથી. પ્રધાનમંત્રીએ પોતે આદમપુર બેઝની મુલાકાત લીધી હતી અને ત્યાં નુકસાનના દાવાઓને ફગાવી દીધા હતા. તેમણે પાકિસ્તાનના ખોટી માહિતીના પ્રચાર અંગે વિશ્વભરના સંરક્ષણ નિષ્ણાતો અને મીડિયાને એક મજબૂત સંદેશ પણ આપ્યો છે.

આ ચાર દિવસનો સંઘર્ષ બે પરમાણુ સશસ્ત્ર દેશો વચ્ચે અડધી સદીમાં સૌથી વ્યાપક યુદ્ધે હતો. નવા યુગના યુદ્ધમાં બંને દેશોએ એકબીજાના હવાઈ સંરક્ષણનું પરીક્ષણ કરવા અને દુશ્મનના લશ્કરી સ્થળો પર પ્રહાર કરવા માટે સેંકડો ડ્રોન અને મિસાઇલોનો ઉપયોગ કર્યો હતો.જેમાં બંને દેશોને વિભાજીત કરતી વિશાળ સરહદ પર અને તેમના પ્રદેશોમાં રાતોરાત આકાશ પ્રકાશિત થતું હતું. ભારતે પહેલા ત્રણ દિવસમાં જ પાકિસ્તાનને ભારે નુકસાન પહોંચાડ્યું, જે પાકિસ્તાનની કલ્પનાથી વધુછે. પીએમ મોદીએ તેમના સંબોધન દ્વારા વૈશ્વિક સમુદાયને સ્પષ્ટ કર્યું કેં જો પાકિસ્તાન સાથે વાતચીત થશે, તો તે ફક્ત આતંકવાદ અને પીઓકે પર જ થશેં, જ્યારે યુદ્ધવિરામ કરાર સુધીની ઘટનાઓનો ક્રમ સમજાવ્યો, જે શાંતિ પ્રત્યે ભારતની લાંબા સમયથી પ્રતિબદ્ધતાને આભારી છે.

પીએમ મોદીએ કહ્યું, `ભારતની આક્રમક કાર્યવાહી પછી, પાકિસ્તાનેબચવાના રસ્તા શોધવાનું શરૂ કર્યું હતું. પાકિસ્તાન વિશ્વને તણાવ ઓછો કરવા માટે વિનંતી કરી રહ્યું હતું. અને ૧૦ મેના રોજ બપોરે, ભારે નુકસાન સહન કર્યા પછી પાકિસ્તાની સેનાએ આપણાં ઝગ્બ્નો સંપર્ક કર્યો હતો. ત્યાં સુધીમાં આપણે મોટા પાયે આતંકવાદી માળખાનો નાશ કરી દીધો હતો. આતંકવાદીઓનો નાશ કરવામાં આવ્યો હતો. આપણે પાકિસ્તાનના હૃદયમાં બનેલી અનેક આતંકવાદી છાવણીઓનો નાશ કરી દીધો હતો. તેથી જ્યારે પાકિસ્તાને અપીલ કરી અને કહ્યું કે તે હવે કોઈ આતંકવાદી પ્રવૃત્તિ કે લશ્કરી દુઃસાહસમાં જોડાશે નહીં, ત્યારે ભારતે તે અંગેવિચાર કર્યો છેં.

`શાંતિનો માર્ગ પણ શક્તિમાંથી પસાર થાય છે. માનવતાએ શાંતિ અને સમૃદ્ધિ તરફ આગળ વધવું જોઈએ. દરેક ભારતીય શાંતિથી જીવી શકે અને વિકસિત ભારતના સ્વપ્નને પૂર્ણ કરી શકે. આ માટે, ભારત માટે શક્તિશાળી બનવું ખૂબ જ જરૂરી છે. અને જરૂર પડે ત્યારે આ શક્તિનો ઉપયોગ કરવો પણ જરૂરી છે. અને છેલ્લા કેટલાક દિવસોમાં, ભારતે તે જ કર્યું છેં. પ્રધાનમંત્રીએ વિશ્વભરના ટીકાકારોને સ્પષ્ટ કર્યું હતુંકે લાંબા સમયથી ચાલતું ભારતીય વલણ, આતંક અને વાતચીત એકસાથે ચાલી શકે નહીં. આમ, બંને પડોશીઓ વચ્ચેના ચાર દિવસના સંઘર્ષે ભારતને સ્પષ્ટપણે વ્યૂહાત્મક ફાયદો આપ્યો છે. જેમાં સરહદો પર જીવન હવે સામાન્ય થઈ રહ્યું છે. ભારતીય સશસ્ત્ર દળોએ આપણી સ્વ-રક્ષા અને પ્રતિ-આક્રમક ક્ષમતાઓ સાબિત કરી તે સંઘર્ષ પછી, આપણે હવે આપણી ક્ષમતાઓ, પાકિસ્તાનની મર્યાદાઓ અને પરંપરાગત યુદ્ધમાં આપણી ક્ષમતાવિશેં વધુ આત્મવિશ્વાસેં ધરાવીએ છીએ.આપણે ભવિષ્યમાં પણ કોઈપણ પરમાણુ બ્લેકમેલ સહન કરીશું નહીં.

આ ૪ દિવસના ભારત-પાકિસ્તાન સંઘર્ષમાંથી દુનિયાએ પણ પાઠ શીખ્યા છે. ભારતની સંરક્ષણ જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે અત્યાધુનિક હવાઈ સંરક્ષણ પ્રણાલીઓના રૂપમાં `અવકાશ જ્ઞાનેં, ઈલેક્ટ્રોનિક્સેં અનેં ખ્ત નો ઉપયોગ કરીને કમ્પ્યુટિંગ કુશળતાોને સફળતાપૂર્વક સંકલિત કર્યા પછી, એક શક્તિ તરીકે ભારતનો ઉદય બધા માટે જોવાલાયક છે. સ્વદેશી નેવિગેશન સિસ્ટમ્સ, હાર્ડ અને સોજ્ટ કિલ તકનીકો દ્વારા દુશ્મનના લક્ષ્યોને અટકાવવાની હવાઈ સંરક્ષણ ક્ષમતા અને દુશ્મનના -દેશમાં ઊંડા અને ચોક્કસ રીતે વ્યૂહાત્મક સ્થળોએ -વેશ કરવાની ક્ષમતા સાથેપરાક્રમ માટેભારતની વિશ્વભરમાં ઓળખ થઈ રહી છે. આકાશમાં દુશ્મનની વસ્તુ રડાર ઈમેજથી શોધવાથી લઈને જમીન, સમુદ્ર અને હવામાંથી તેને તોડીપાડવા માટે વ્યૂહાત્મક સ્થાન લેવા સુધી, આ પ્રદર્શન AI કલાઉડ-આધારિત અત્યાધુનિક સંકલિત એર કમાન્ડ અને નિયંત્રણ સિસ્ટમ્સનો ઉપયોગ કરીને હાથ ધરવામાં આવ્યું હતું. ભારતની ક્ષમતાઓના પુરાવા વિશ્વ સમક્ષ જાહેર થયા પછી, પાકિસ્તાનના પ્રચાર અભિયાનનો પ્રભાવ ઓછો થઈ ગયો હતો. આમ, આત્મનિર્ભર ભારત અને પરંપરાગત સંરક્ષણમાં તેનો વ્યૂહાત્મક ફાયદો સમગ્ર વિશ્વમાં ચર્ચાનો વિષય બની રહ્યો છે.

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Friday 16, May 2025


## ચીન-અમેરિકા ટેરિફ યુદ્ધમાં ભારત માટે આશા

ભારતે આખરે અમેરિકા પર જવાબી ટેરિફ લગાવવાનું એલાન કરી દીધું. અત્યાર સુધી આપણો વિચાર હતો કે પરસ્પર વાતચીતથી સીમા શુલ્કનો મુદ્દો હલ કરી લેવાશે. પરંતુ માર્ચમાં જે રીતે અમેરિકાએ ભારતથી આયાતી સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ૨૫ ટકા ટેરિફ લગાવ્યો ત્યારબાદ અંદાજ હતો કે ભારત પણ એવી કોઈ કાર્યવાહી કરશે. આ જવાબી એલાન આપણા માટે ફાયદેમંદ હોઈ શકે છે અને નુક્સાનદાયક પણ. શક્ય છે કે હવે અમેરિકા ટેરિફ ઓછો કરવા રાજી થઈ જાય જેનો આપણને લાભ મળશે. પરંતુ એવું થયું નહીં, તો આપણે ત્યાં કેટલાક ઉત્પાદનોની કિંમતો વધી શકે છે.

જોકે ભારતીય ઉત્પાદનો પર ટેક્સ ઓછો હોવાની આશા વધારે છે, કારણ કે ચીને એ જ રસ્તે અમેરિકા પર એટલું દબાણ બનાવ્યું કે ૯૦ દિવસો માટે રેસિપ્રોકલ ટેરિફને ૧૧૫ ટકા ઓછો કરવા પર સહમત થઈ ગયું. અસલમાં ચીન સાથે જે વાતચીત થઈ જેમાં અમેરિકાને કદાચ અહેસાસ થઈ ગયો કે ટેરિફથી વધારે નુક્સાન તેને જ છે. તેણે સીમા શુલ્ક વધારવાની નીતિ એટલે અપનાવી, જેથી ચીની અર્થવ્યવસ્થાના વધતાં પગલાં રોકી શકાય. અમેરિકાની વેપાર ખાધ પણ સૌથી વધારે ચીન સાથે જ છે. આ જ કારણે તેને પોતાના બજારને સંરક્ષણ આપવું શરૂ કર્યું. પરંતુ લાગે છે કે તેનો આ દાવ ઉલટો પડી રહ્યો છે.

અસલમાં ચીને છેલ્લા કેટલાક વર્ષોમાં શોધ અને વિકાસ પર ઘણું કામ કર્યું છે. તેને ત્યાં માલનો ખર્ચ અમેરિકાની તુલનામાં ઓછો છે. અમેરિકા સાથે મુશ્કેલી એ પણ છે કે ન્યૂનતમ વેતન તુલનાત્મક રીતે વધારે હોવાને કારણે તેને ત્યાં વધારે કિંમતે ઉત્પાદન તૈયાર થાય છે. અમેરિકામાં કામદારોનું ન્યૂનતમ વેતન ૭.૨૫ ડોલર પ્રતિ કલાક છે, બલ્કે કેટલાક રાજ્યોમાં ૧૫-૧૬ ડોલર અને ઓટો સેક્ટરમાં તો ૨૫-૩૦ ડોલર સુધી છે, ત્યાં જ ચીનમાં એ જ કામ માટે અધિકતમ ૧.૨૫ ડોલર પ્રતિ કલાક ખર્ચ કરવો પડે છે. પછી ચીનને એ અંદેશો પહેલેથી જ હતો કે અમેરિકા એનો જ રસ્તો રોકી શકે છે. આ જ કારણે છેલ્લા સાત-આઠ વર્ષમાં તેણે અમેરિકાની સાથે કારોબારમાં પોતાની હિસ્સેદારી ઘટાડી છે, જ્યારે દિક્ષણ-પૂર્વ એશિયા, જાપાન, ભારત વગેરેથી વધારી છે. તેથી ટેરિફ વૃદ્ધિથી ચીન એટલું પ્રભાવિત થતું નથી દેખાયું, જેટલું ખુદ અમેરિકા માટે આ નુક્સાનદાયક માનવામાં આવે છે, કારણ કે તેનાથી તમામ દેશો સાથે તેના વેપાર પ્રભાવિત થવા લાગ્યા છે. ઉતાવળે તેને બ્રિટન સાથે સમજૂતી કરી પણ, તો તેની કેટલીક જોગવાઈઓ પર હજુ પણ કામ ચાલી રહ્યું છે.

સવાલ એ છે કે આ સમગ્ર તસવીરમાં ભારત ક્યાં છે હાલમાં આપણી સ્થિતિ કંઈક કમજોર છે. તેનું એક મોટું કારણ એ છે કે ટેક્નોલોજીમાં આપણે હજુ પણ પાછળ છીએ. ચીન સાથે વેપારમાં આપણે ટેક્નોલોજી તેની પાસેથી લઈએ છીએ, જ્યારે કાચો માલ તેને સપ્લાય કરીએ છીએ. તેનાથી વેપારમાં અસંતુલન વધારે છે. વાસ્તવમાં, એવી સ્થિતિ કેટલાય દેશો સાથે છે. આપણે ઓસ્ટ્રેલિયા, દિક્ષણ-પૂર્વ એશિયા, દિક્ષણ કોરિયા વગેરે સાથે મુક્ત વેપાર સમજૂતી કરી પણ તો ટેક્નોલોજીની દૃષ્ટિએ કમજોર દેશ હોવાને કારણે અ સમજૂતીઓનો ફાયદો સામેવાળા પક્ષને જ વધારે મળ્યો. અમેરિકા સાથે પણ આ જ કહાની છે. ચીનથી ભલે આપણી વેપાર ખાધ હોય પરંતુ અમેરિકા સાથે ટ્રેડ સરપ્લસની સ્થિતિ છે, એટલે કે આપણે તેને નિકાસ વધારે કરીએ છીએ, આયાત ઓછી. પરંતુ હવ તે ઈચ્છે છે કે કૃષિ, લઘુઉદ્યોગ જેવા ક્ષેત્રોને આપણે તેના માટે ખોલી દઈએ, જેથી તેના ઉત્પાદન અહીંના બજારમાં આવી શકે, પરંતુ આ ગરીબ ખેડૂતો એ કામદારોના હિતમાં નહીં હોય.

આખરે ભારત પોતાની સ્થિતિ કેવી રીતે મજબૂત કરી શકશે? તેના માટે આપણે અલ્પકાલીન અને દીર્ઘકાલીન, બંને નીતિઓ બનાવવી પડશે. અલ્પકાલીન નીતિઓમાં આપણે તમામ દેશો સાથે મળીને અમેરિકા પર દબાણ બનાવવું પડશે. એકલા એકલા સમજૂતી કરવા પર અમેરિકા ભારે પડી શકે છે, તેથી તેના વિરુદ્ધ તમામ દેશોને એકજુટકા દેખાડવી પડશે. એનાથી એક-બે મહિનામાં ટેરિફની સમસ્યાનું સમાધાન થઈ શકે છે. પરંતુ ત્યારબાદ આપણે આરએન્ડડી એ શિક્ષણ પર વધારે ધ્યાન આપવું પડશે. જ્યારે આપણી ટેક્નોલોજી વિકસિત થશે તો આપણે -તિસ્પર્ધામાં પણ ક્યાંય મજબૂતીથી ઉતરી શકીશું.

# પાકિસ્તાન સાથે ફક્ત આતંકવાદ અને PoK પર જ વાતચીત કરવામાં આવશે : એસ જયશંકર

**પાકિસ્તાન સાથેના અમારા સંબંધો અને વ્યવહાર સંપૂર્ણપણે દ્વિપક્ષીય રહેશે આ વાત વર્ષોથી સંમત છે અને તેમાં કોઈ ફેરફાર થયો નથી**

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવીદિલ્હી,તા.૧૫,** પાકિસ્તાન સાથેના તણાવ પછી, એસ જયશંકરે આજે પહેલીવાર પાડોશી દેશ વિરુદ્ધ વાત કરી છે. વિદેશ મંત્રીએ ભારતના વલણને પુનરાવર્તિત કર્યું અને કહ્યું કે, જો હવે પાકિસ્તાન સાથે કોઈ વાતચીત થશે, તો તે ફક્ત PoK પર જ થશે. આમાં કોઈ ત્રીજા દેશની દખલગીરીની જરૂર નથી. વિદેશ મંત્રીએ આક્રમક રીતે કહ્યું કે, અમે ફક્ત પાકિસ્તાનમાં આતંકવાદી માળખાનો નાશ કર્યો છે. અમે લક્ષ્યો નક્કી કર્યા હતા, જે અમે પ્રાપ્ત કર્યા છે. ઓપરેશન સિંદૂર અંગે વિદેશ મંત્રીએ કહ્યું કે, શરૂઆતથી જ અમે પાકિસ્તાનને આ સંદેશ આપ્યો હતો કે, અમે આતંકવાદી માળખા પર હુમલો કરવાના છીએ, સેના પર નહીં. તેમની સેના પાસે બાજુ પર રહેવાનો અને હસ્તક્ષેપ ન કરવાનો વિકલ્પ હતો. તેણે આ સારી સલાહ ન માનવાનો નિર્ણય કર્યો હતો.

પાકિસ્તાને તણાવ દરમિયાન ભારતને ભારે નુકસાન પહોંચાડવાનો દાવો કર્યો હતો. આ અંગે એસ જયશંકરે કહ્યું કે, ૧૦ મેના રોજ સવારે ભારતની જવાબી કાર્યવાહીમાં તેમને ખૂબ નુકસાન થયું હતું. સેટેલાઇટ છબીઓ દર્શાવે છે કે, આપણે તેમને કેટલું મોટું નુકસાન કર્યું છે, અને તેમણે આપણને કેટલું ઓછું નુકસાન કર્યું છે. ગોળીબાર કોણ રોકવા માંગતું હતું તે સ્પષ્ટ છે. પાકિસ્તાન સાથેના અમારા સંબંધો અને વ્યવહાર સંપૂર્ણપણે દ્વિપક્ષીય રહેશે. આ વાત વર્ષોથી સંમત છે અને તેમાં કોઈ ફેરફાર થયો નથી.

વિદેશ મંત્રીએ કહ્યું કે ,પ્રધાનમંત્રીએ સ્પષ્ટ કરી દીધું છે કે, પાકિસ્તાન સાથે વાતચીત ફક્ત આતંકવાદ પર જ થશે. પાકિસ્તાન પાસે આતંકવાદીઓની યાદી છે, જેમને સોંપવાની જરૂર છે અને તેમણે આતંકવાદી માળખાને બંધ કરવા પડશે. તેઓ જાણે છે કે, શું કરવું. વિદેશ મંત્રીએ કહ્યું કે, અમે તેમની સાથે આતંકવાદ અંગે ચર્ચા કરવા તૈયાર છીએ. આ એવી વાત છે જે શક્ય છે. અમને ખરેખર ઘણો આંતરરાષ્ટ્રીય ટેકો મળ્યો છે. અમારી પાસે UNSCનો ઠરાવ હતો કે, ગુનેગારોને જવાબદાર ઠેરવવા જોઈએ અને ૭ મેના રોજ ઓપરેશન સિંદૂર દ્વારા તેમને જવાબદાર ઠેરવવામાં આવ્યા હતા

**તુર્કી પછી હવે ચીનનો વારો**

## ભારત ડ્રેગનને પાઠ ભણાવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૧૫, તુર્કી બાદ હવે ભારત પાકિસ્તાનના એક બીજા દોસ્ત એવા ચીનને પાઠ ભણાવવાની તૈયારીમાં છે. રિપોર્ટના અનુસાર ઓપરેશન સિંદૂર બાદ ભારત સાથેના તણાવમાં પાકિસ્તાને મોટે ભાગે તુર્કી અને ચીનના હથિયારોનો ઉપયોગ કર્યો હતો, ત્યારે પાઠ ભણાવવાનો વારો ભારતનો છે.

ભારતમાં ચીન સાથે ચાલી રહેલા રોકાણ સોદામાં વિલંબના સમાચાર છે.

રિપોર્ટ્સ અનુસાર, વડા પ્રધાન મોદીની સરકાર દેશમાં ઓછામાં ઓછા ૬-૭ ચીન સમર્થિત રોકાણ સોદાઓની સમીક્ષા કરવા જઈ રહી છે, જેના કારણે તેમની મંજૂરીમાં વિલંબ થઈ શકે છે.

એક અહેવાલ મુજબ, સરકાર ચીનની કંપનીઓ દ્વારા વિદેશી રોકાણ દરખાસ્તો અને સંયુક્ત સાહસોની ચકાસણી વધુ તીવ્ર બનાવી શકે છે.

રોકાણ સંબંધિત તમામ દરખાસ્તો કે જેની ચર્ચા થવાની હતી, હવે મંજૂરી મળવામાં વિલંબ થઈ શકે છે કારણ કે તેમની ફરીથી સમીક્ષા થઈ રહી છે. માહિતી અનુસાર, વર્તમાન અને ભવિષ્યમાં, ચીન સમર્થિત સંયુક્ત સાહસોને કડક પાલન આવશ્યકતાઓમાંથી પસાર થવું પડી શકે છે.

ભારતે અગાઉ એપ્રિલ ૨૦૨૦માં ચીનથી સીધા વિદેશી રોકાણ પર પ્રતિબંધ મૂક્યો હતો, અને કહ્યું હતું કે આવા તમામ પ્રસ્તાવોની તપાસ આ માળખાના આધારે સરકાર દ્વારા કરવામાં આવે અને તેને મંજૂરી આપવામાં આવે.

આ સમય દરમિયાન, કોરોના રોગચાળો ફાટી નીકળ્યા પછી, સ્થાનિક કંપનીઓના તકવાદી ટેકઓવરને રોકવા માટે, ભારતે તેની સાથે લેન્ડ શેર કરતા દેશો પાસેથી વિદેશી રોકાણ માટે સરકારી મંજૂરી મેળવવી ફરજિયાત બનાવી દીધી હતી. તે સમયે, ભારતના આ પગલાથી ચીન ગુસ્સે ભરાયું હતું.

હવે સરકારે આ નવું પગલું એવા સમયે ભર્યું છે જ્યારે ચીને માત્ર એવું જ કહ્યું નથી કે તે પાકિસ્તાનને સાચા મિત્ર તરીકે પડખે રહેશે, પરંતુ એવા પણ સમાચાર સામે આવ્યા છે કે પાકિસ્તાન દ્વારા ભારત વિરુદ્ધ ઉપયોગમાં લેવાતી મિસાઈલો અને હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ પણ ચીન દ્વારા પૂરી પાડવામાં આવી હતી.

**ભારત-મ્યાનમાર સરહદ પર સેના હાથધર્યું મોટું ઓપરેશન**

## મણિપુરમાં ૧૦ ઉગ્રવાદી ઠાર

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૫, મણિપુરના ચંદેલ જિલ્લામાં બુધવારે અસમ રાઈફલ્સ અને ઉગ્રવાદીઓ વચ્ચે ભીષણ અથડામણ થઈ હતી, જેમાં ઓછામાં ઓછા ૧૦ ઉગ્રવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતાં. આ ઓપરેશન હજુ શરૂ છે. સેનાના અધિકારીઓએ એ વાતની પુષ્ટિ કરી છે કે, મ્યાનમાર સરહદથી જોડાયેલા ન્યૂ સમતાલ ગામ પાસે શંકાસ્પદ સશસ્ત્ર ઉગ્રવાદીઓની ગતિવિધિની જાણકારી બાદ આ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.ભારતીય સેનાના ઈસ્ટર્ન કમાન્ડના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર જાણકારી આપતા જણાવવામાં આવ્યું કે, ૧૪ મેના દિવસે અસમ રાઈફલ્સના એક યુનિટે સ્પીયર કૉર્પ્સ હેઠળ ન્યૂ સમતાલ ગામ, ખેંગજોય તહસીલમાં આ ઓપરેશન લૉન્ચ કર્યું હતું. આ વિસ્તાર ભારત-મ્યાનમાર આંતરરાષ્ટ્રીય સરહદની નજીક છે, જે અવાર-નવાર ઉગ્રવાદી ગતિવિધિઓનું કેન્દ્ર રહ્યું છે. સેનાના જણાવ્યા અનુસાર, 'ઓપરેશન દરમિયાન જ્યારે સૈનિકોએ વિસ્તારમાં નાકાબંધી કરી, ત્યારે શંકાસ્પદ ઉગ્રવાદીઓએ તેમના પર ગોળીબાર શરૂ કરી દીધો. જવાબી કાર્યવાહીમાં સેનાએ પણ વ્યૂનીતિ સાથે ફાયરિંગ શરૂ કર્યું. આ અથડામણમાં ૧૦ ઉગ્રવાદીઓને ઠાર કરવામાં આવ્યા છે. મોટી સંખ્યામાં વિસ્ફોટક પણ જપ્ત કરવામાં આવ્યા છે.'

**ભારતમાં ફેક્ટરીઓ ન બનાવો**

## અમેરિકામાં પ્રોડક્શન વધારો:ટ્રમ્પ

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવીદિલ્હી,તા.૧૫,** અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દોહામાં એક મોટું નિવેદન આપ્યું છે, જેમાં તેમણે એપલ કંપનીને ભારતમાં આઈફોન બનાવવા પર પ્રતિબંધ મૂક્યો છે.

ટ્રમ્પે એપલના સીઈઓ ટિમ કૂકને કહ્યું કે ભારતને પોતાના હિતોનું ધ્યાન રાખવા દો. ભારતે અમેરિકી માલ પર શૂન્ય ટેરિફ ઓફર કરી છે. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે એપલ ભારતમાં તેની ઉત્પાદન ક્ષમતા વધારવાની યોજના બનાવી રહી છે.

ટ્રમ્પે કહ્યું, "મેં ગઈકાલે ટિમ કૂક સાથે વાત કરી હતી. મેં કહ્યું, ટિમ, અમે તમારી સાથે ખૂબ સારો વ્યવહાર કરી રહ્યા છીએ. તમે ઈ૫૦૦ બિલિયનની કંપની બનાવી રહ્યા છો, પરંતુ હવે હું સાંભળી રહ્યો છું કે તમે ભારતમાં ફેક્ટરીઓ બનાવી રહ્યા છો. હું નથી ઈચ્છતો કે તમે ભારતમાં પ્રોડક્શન કરો. જો તમે ભારતને મદદ કરવા માંગતા હો, તો તે ઠીક છે, પરંતુ ભારત વિશ્વમાં સૌથી વધુ ટેરિફ ધરાવતા દેશોમાંનો એક છે. ત્યાં વેચવું મુશ્કેલ છે. ભારતે અમને એક સોદો આપ્યો છે જેમાં તેઓએ અમારા માલ પર કોઈ ટેરિફ નહીં લાદવાનું વચન આપ્યું છે."

ટ્રમ્પે વધુમાં કહ્યું, "અમે તમને વર્ષો સુધી ચીનમાં ફેક્ટરીઓ બનાવતા સહન કર્યું. હવે અમે નથી ઈચ્છતા કે તમે ભારતમાં પ્રોડક્શન કરો. ભારત પોતાનું ધ્યાન રાખી શકે છે. તેઓ ખૂબ સારું કરી રહ્યા છે. અમે ઈચ્છીએ છીએ કે તમે અમેરિકામાં પ્રોડક્શન કરો." ટ્રમ્પના મતે, એપલ હવે અમેરિકામાં ૫૦૦ બિલિયન ડોલરના રોકાણ સાથે ઉત્પાદન વધારશે.

ટ્રમ્પનું આ નિવેદન તેમની 'અમેરિકા ફર્સ્ટ' નીતિને પ્રતિબિંબિત કરે છે. તેઓ ઈચ્છે છે કે એપલ જેવી મોટી બ્રાન્ડ અમેરિકામાં રોકાણ કરે, જેથી ત્યાં નોકરીઓ વધે. ભારતમાં, એપલ પહેલાથી જ ફોક્સકોન અને ટાટા સાથે મળીને આઈફોનનું ઉત્પાદન કરી રહી છે. ૨૦૨૫ માં ભારતમાં બનેલા ૧૫% આઈફોન અમેરિકા મોકલવામાં આવશે. ટ્રમ્પનું આ નિવેદન ભારતની 'મેક ઈન ઈન્ડિયા' પહેલ માટે પડકાર બની શકે છે.

**સુરક્ષાદળોને મળી મોટી સફળતા**

## ત્રાલના જંગલોમાં જૈશના ૩ આતંકવાદીઓ ઠાર

(સંપૂર્ણ સમાચાર સેવા)
જમ્મુ અને કાશ્મીર, તા.૧૫
જમ્મુ અને કાશ્મીરના ત્રાલમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે એન્કાઉન્ટરના સમાચાર છે. આ દરમિયાન સુરક્ષાદળો વચ્ચે અથડામણમાં ત્રણ આતંકવાદીઓ ઠાર મરાયા છે.આ વિસ્તારમાં જૈશ-એ-મોહમ્મદના આતંકવાદીઓ છુપાયેલા હોવાના અહેવાલ મળ્યા હતા. આ એન્કાઉન્ટર ત્રાલના નાદિર ગામમાં ચાલી રહ્યું હતું. પુલવામામાં ૪૮ કલાકમાં આ બીજું એન્કાઉન્ટર છે. મંગળવારે શોપિયામાં લશ્કરના ત્રણ આતંકવાદીઓને ઠાર મારવામાં આવ્યા હતા.મંગળવારે શોપિયામાં સુરક્ષા દળો દ્વારા કરવામાં આવેલા ખાસ ઓપરેશનમાં લશ્કર-એ-તૈયબાના ત્રણ આતંકવાદીઓને ઠાર મારવામાં આવ્યા હતા. આ આતંકવાદીઓને જિનપથેર કેલર વિસ્તારમાં સુરક્ષા દળોએ ઘેરી લીધા હતા. આ ઓપરેશનને ઓપરેશન કેલર નામ આપવામાં આવ્યું હતું.

## વક્ફ સંશોધન ઍક્ટ પર આગામી સુનાવણી ૨૦ મેના થશે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ,તા.૧૫,** સુપ્રીમ કોર્ટ વક્ફ સંશોધન અધિનિયમ ૨૦૨૫ની બંધારણીય માન્યતાઓને પડકારતી અરજીઓ પર મર્યાદિત વચગાળાની રાહત મુદ્દે ૨૦મેના રોજ સુનાવણી કરશે. આજે સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, સોલિસીટર જનરલ તુષાર મહેતાએ ખાતરી આપી છે કે, સુનાવણી ચાલે ત્યાં સુધી કેન્દ્ર સરકાર ઍક્ટની જોગવાઈઓનો અમલ કરશે નહીં.

ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા ગવઈએ વકીલોને આગામી સુનાવણી પહેલાં સંપૂર્ણ તૈયારીઓ પોતાની દલીલો-મુદ્દાઓનો કોન્સોલિડેટેડ રિપોર્ટ અગાઉથી રજૂ કરવા કહ્યું છે. જેથી કેસ લંબાય નહીં.

આ મામલે આજે સુનાવણીમાં CJI બી. આર. ગવઈ અને જસ્ટિસ એ જી મસીહની બેન્ચે જણાવ્યું હતું કે, અમે વક્ફ સંશોધન અધિનિયમ ૨૦૨૫માં ત્રણ મુદ્દાઓ પર વચગાળાની રાહત આપવાની જરૂર છે કે કેમ તેના પર વિચારણા કરીશું. આ ત્રણ મુદ્દા વક્ફ બાય યુઝર, વક્ફ કાઉન્સિલ અને સ્ટેટ વક્ફ બોર્ડ તથા વક્ફ હેઠળ સરકારી જમીનની ઓળખ છે.

સુપ્રીમ કોર્ટ વક્ફ સંશોધન અધિનિયમ ૨૦૨૫ની બંધારણીય માન્યતાઓને પડકારતી અરજીઓ પર મર્યાદિત વચગાળાની રાહત મુદ્દે ૨૦મેના રોજ સુનાવણી કરશે. આજે સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, સોલિસીટર જનરલ તુષાર મહેતાએ ખાતરી આપી છે કે, સુનાવણી ચાલે ત્યાં સુધી કેન્દ્ર સરકાર ઍક્ટની જોગવાઈઓનો અમલ કરશે નહીં.

ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા ગવઈએ વકીલોને આગામી સુનાવણી પહેલાં સંપૂર્ણ તૈયારીઓ પોતાની દલીલો-મુદ્દાઓનો કોન્સોલિડેટેડ રિપોર્ટ અગાઉથી રજૂ કરવા કહ્યું છે. જેથી કેસ લંબાય નહીં.

આ મામલે આજે સુનાવણીમાં CJI બી. આર. ગવઈ અને જસ્ટિસ એ જી મસીહની બેન્ચે જણાવ્યું હતું કે, અમે વક્ફ સંશોધન અધિનિયમ ૨૦૨૫માં ત્રણ મુદ્દાઓ પર વચગાળાની રાહત આપવાની જરૂર છે કે કેમ તેના પર વિચારણા કરીશું. આ ત્રણ મુદ્દા વક્ફ બાય યુઝર, વક્ફ કાઉન્સિલ અને સ્ટેટ વક્ફ બોર્ડ તથા વક્ફ હેઠળ સરકારી જમીનની ઓળખ છે

## જમ્મુ-કાશ્મીર પહોંચ્યા રક્ષામંત્રી

(સંપૂર્ણ સમાચાર સેવા)
જમ્મુ કાશ્મીર,તા.૧૫, ભારતે પાકિસ્તાન અને પીઓકેમાં સ્થિત આતંકવાદી સંગઠનોના ઠેકાણાઓ સામે ઓપરેશન સિંદૂર શરૂ કરીને તેમને સંપૂર્ણપણે નષ્ટ કરી દીધા છે.

ભારતીય સશસ્ત્ર દળોએ આતંકવાદીઓને ટેકો આપીને ભારત પર હુમલો કરી રહેલી પાકિસ્તાની સેના સામે પણ કડક કાર્યવાહી કરી અને તેમના એરબેઝ અને અન્ય શસ્ત્રોનો નાશ કરીને તેમને ઘૂંટણિયે પાડી દીધા. આ પછી, પાકિસ્તાનની વિનંતી પર, બંને દેશો વચ્ચે સીઝફાયર લાગુ થયું. આ સમગ્ર કાર્યવાહી પછી, ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ ગુરુવારે જમ્મુ અને કાશ્મીરની મુલાકાતે પહોંચ્યા છે.

જમ્મુ અને કાશ્મીરના શ્રીનગરમાં, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે જમ્મુ અને કાશ્મીરમાં પાકિસ્તાન દ્વારા છોડવામાં આવેલા ગોળાનું નિરીક્ષણ કર્યું.

**સુપ્રીમ કોર્ટમાં જાહેરહિતની અરજી**

## રોહિંગ્યાઓને સન્માન, વળતર, રહેવાની પરમિટ આપો

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૧૫
દેશમાં રોહિંગ્યા શરણાર્થીઓનો મુદ્દો જોર પકડતો દેખાઈ રહ્યો છે. આ દરમ્યાન સુપ્રીમ કોર્ટમાં એક નવી રિટ અરજી દાખલ કરવામાં આવી છે. જેમાં દાવો કર્યો છે કે, પોલીસે ૪૩ રોહિંગ્યા શરણાર્થીઓને ધરપકડમાં લીધા અને ભારત સરકાર તેમને બળજબરી પોર્ટ બ્લેયરના રસ્તે મ્યાનમાર મોકલી દીધા. સાથે જ અરજીકર્તાએ પીડિતોને પાછા બોલાવી સન્માન આપવા, ૫૦ લાખનું વળતર અને તેમના રહેવાની પરમિટ આપવાની પણ માગ કરી છે.

લાઈવ લોના રિપોર્ટ અનુસાર, અરજીમાં કહેવાયું છે કે, ભારત સરકાર દ્વારા ડિપોર્ટ કરાયેલા શરણાર્થીઓમાં મહિલા, બાળકો અને વૃદ્ધો સામેલ છે. જેમને મ્યાનમાર પાસે આંતરરાષ્ટ્રીય સમુદ્રી સરહદ પાસે છોડી દેવામાં આવ્યા છે.

અરજદારે કોર્ટને જણાવ્યું હતું કે યુનાઈટેડ નેશન્સ હાઈ કમિશનર ફોર રેફ્યુજીસ કાર્ડ ધરાવતા શરણાર્થીઓના એક જૂથની પોલીસે ૭ મેના રોજ મોડી રાત્રે ધરપકડ કરી હતી અને ૮ મેના રોજ કેસની સુનાવણી ચાલી રહી હોવા છતાં તેમને દેશનિકાલ કરવામાં આવ્યા હતા. જોકે, કોર્ટે કોઈપણ વચગાળાના નિર્દેશ આપ્યા વિના આ મામલાને ૩૧ જુલાઈ માટે સૂચિબદ્ધ કર્યો હતો.

ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ દીપાંકર દત્તા અને ન્યાયાધીશ એન કોટીશ્વર સિંહની સુપ્રીમ કોર્ટની બેન્ચ હાલમાં રોહિંગ્યા શરણાર્થીઓના દેશનિકાલ અને તેમની રહેવાની સ્થિતિ સંબંધિત કેસની સુનાવણી કરી રહી છે.

## ટ્રમ્પના દાવા અંગે સરકારને સવાલ કરાશે: ખડગે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**કાલાબુર્ગી (કર્ણાટક), તા.૧૫,** કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ મંગળવારે જણાવ્યું હતું કે વિપક્ષ સર્વપક્ષીય બેઠકમાં યુદ્ધવિરામના ટ્રમ્પના દાવા અંગે સરકારને સવાલ કરશે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ યુદ્ધવિરામનો દાવો કરી રહ્યાં છે, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સરકાર તેનો ઈનકાર કરી રહી છે. આ એક સંવેદનશીલ બાબત છે. તેથી સર્વપક્ષીય બેઠકમાં આ મુદ્દે સરકારને સવાલ કરાશે. રાજ્યસભામાં વિપક્ષના

**કારગિલ યુદ્ધ સમાપ્ત થયાના ત્રણ દિવસ પછી વાજપેયી સરકારે કારગિલ સમીક્ષા સમિતિની રચના કરી હતી**

નેતાએ જણાવ્યું હતું કે તેઓ યુદ્ધવિરામ સહિત ભારત અને પાકિસ્તાન વચ્ચેની સરહદ પર તંગદિલી અંગેની તાજેતરની ગતિવિધિઓની ચર્ચા કરવા માટે ટૂંક સમયમાં સર્વપક્ષીય બેઠક બોલાવવાનો સરકારને અનુરોધ કરશે. જો સર્વપક્ષીય બેઠક બોલાવવામાં આવશે તો અમે શું થયું, ટેલિફોન પર શું વાતચીત થઈ તે તમામ બાબતો પૂછીશું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્રમ્પની મધ્યસ્થીને સ્વીકારી લીધી હોવા અંગેના એક પ્રશ્નના જવાબમાં તેમણ જણાવ્યું હતું કે મારા માટે હવે આ વિશે વાત કરવી યોગ્ય રહેશે નહીં. આજે અમારી પાર્ટીની બેઠક છે. હું તેના માટે જઈ રહ્યો છું. અમે સર્વપક્ષીય બેઠકની માગણી કરીશું. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે સવાલ કર્યો હતો કે શું સરકાર કારગિલ સમીક્ષા સમિતિની જેમ પહેલગામ આતંકવાદી હુમલાની તપાસ કરશે? કારગિલ યુદ્ધ સમાપ્ત થયાના ત્રણ દિવસ પછી વાજપેયી સરકારે કારગિલ સમીક્ષા સમિતિની રચના કરી હતી અને તેનો અહેવાલ સંસદમાં મુકવામાં આવ્યો હતો. શું મોદી સરકાર પણ આવી કવાયત કરશે

## અમૃતસર એરપોર્ટથી ફ્લાઈટ્સ ફરી શરૂ કરાઈ

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમૃતસર,તા.૧૫,** ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચે ૭ મેના રોજ એરપોર્ટથી બધી ફ્લાઈટ્સ બંધ કરી દેવામાં આવી હતી.

આ પછી, તેમને બંધ રાખવાની તારીખ ૧૫ મે સુધી લંબાવવામાં આવી હતી.

બુધવારે, ૭ દિવસ પછી પહેલા દિવસે, શ્રી ગુરુ રામદાસ આંતરરાષ્ટ્રીય વિમાનમથકથી ૮ ફ્લાઈટ્સનું આગમન થયું હતુ. જેમાંથી એક આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ હતી અને બાકીની સ્થાનિક ફ્લાઈટ્સ હતી.

આમાં, દોહાથી કતાર એરવેઝની ફ્લાઈટ ૧૩-૧૪ ના રોજ રાત્રે ૧.૪૮ વાગ્યે અમૃતસર એરપોર્ટ પર ઉતરાણ કર્યું હતુ. આ પછી તે સવારે ૩.૩૫ વાગ્યે પાછું રવાના થયું હતી તેવી જ રીતે, એર ઈન્ડિયાની ફ્લાઈટ દિલ્હીથી બપોરે ૧૨.૨૦ વાગ્યે આવી અને બપોરે ૧ વાગ્યે પાછી ઉડાન ભરી. કુલ્લુથી પહોંચ્યા પછી, એલાયન્સ એરની ફ્લાઈટ સવારે ૯.૦૮ વાગ્યે પાછી રવાના થઈ હતી. ઈન્ડિગોની ફ્લાઈટ દિલ્હીથી બપોરે ૧.૪૦ વાગ્યે આવી અને ૨.૧૦ વાગ્યે પાછી આવી હતી.

તેવી જ રીતે, મલેશિયા ૧૮ મેથી અને એર એશિયા ૧૯ મેથી તેની ફ્લાઈટ્સ ફરી શરૂ કરશે. આ એરલાઈન્સ કુઆલાલંપુર અને આગળ ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, હોંગકોંગ, મનીલા અને દક્ષિણ પૂર્વ એશિયા, ચીન સાથે જોડાણો પ્રદાન કરે છે. યુદ્ધવિરામની જાહેરાત પછી, ૧૨ મેના રોજ ફરી ફ્લાઈટ્સ શરૂ થવાની જાહેરાત કરવામાં આવી હતી. આમાં, રાત્રે ૯.૧૦ વાગ્યે દિલ્હીથી આવી રહેલી ઈન્ડિગો ફ્લાઈટ રાત્રે અચાનક બ્લેકઆઉટ થયા બાદ ભટિંડાથી પાછી વળી ગઈ હતી. બીજા દિવસે, ૧૩ મેના રોજ, એરપોર્ટ પરથી કોઈ ફ્લાઈટનું સંચાલન થઈ શક્યું નહોત.

# અન્ય સમાચારો

Friday 16, May 2025
દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

## પીએમ સૂર્ય ઘર યોજના હેઠળ સોલર પેનલ ઈન્સ્ટોલેશનમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર

**અમારા પ્રતિનિધિ તરફથી, અમદાવાદ,તા.૧૫ :** વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાતે ફરી સાબિત કરી બતાવ્યું છે કે નીતિગત દૃઢતા, વહીવટી કાર્યક્ષમતા અને જનભાગીદારીનો સમન્વય કોઈપણ યોજનાને રાષ્ટ્રીય સફળતામાં પરિવર્તિત કરી શકે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ, પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજના માટે રાજ્ય સરકારે નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે નિર્ધારિત ૩.૦૫ લાખ સોલાર રૂફટૉપ પૅનલ્સના ઈન્સ્ટોલેશનનો લક્ષ્યાંક સમય પહેલાં જ પ્રાપ્ત કરી લીધો છે.

પીએમ સૂર્ય ઘર યોજનામાં સૌથી વધુ ૩૪% યોગદાન

રાજ્ય સરકારની સંસ્થા ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ (GUVNL) દ્વારા જાહેર કરવામાં આવેલા ડેટા અનુસાર ૧૧ મે ૨૦૨૫ સુધીમાં ગુજરાતમાં પીએમ સૂર્ય ઘર યોજના હેઠળ ૩.૩૬ લાખ સોલર રૂફટૉપ પૅનલ્સ સ્થાપિત કરવામાં આવી છે. આ આંકડો દેશમાં અન્ય રાજ્યોની સરખામણીમાં સર્વાધિક છે. આ યોજનાના સફળ અમલીકરણને કારણે, આજે ગુજરાત સોલર રૂફટૉપ ઈન્સ્ટોલેશનમાં દેશમાં ૩૪ ટકા યોગદાન આપી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, આ યોજના હેઠળ ગુજરાતના ૩.૦૩ લાખ ગ્રાહકોને કેન્દ્ર સરકાર દ્વારા રૂા. ૨૩૬૨ કરોડની સબસિડી આપવામાં આવી છે. પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજનાનું સફળ અમલીકરણ કરનારા ટોચના પાંચ રાજ્યોની વાત કરીએ તો પ્રથમ ક્રમે ગુજરાત બાદ, મહારાષ્ટ્ર ૧.૮૯ લાખ સોલર રૂફટૉપ પૅનલ ઈન્સ્ટોલેશન્સ સાથે બીજા ક્રમે છે. ઉત્તર પ્રદેશ ૧.૨૨ લાખ ઈન્સ્ટોલેશન સાથે ત્રીજા ક્રમે, કેરળ ૯૫ હજાર ઈન્સ્ટોલેશન સાથે ચોથા ક્રમે અને રાજસ્થાન ૪૩ હજાર ઈન્સ્ટોલેશન સાથે પાંચમા ક્રમે છે.

૧૨૮૪ મેટ્રિક ટન કોલસાની બચત થઈ, ૧૫૦૪ મેટ્રિક ટન છ્ર ઉત્સર્જનમાં ઘટાડો થયો

GUVNLના આંકડા અનુસાર ગુજરાતમાં 'પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજના' હેઠળ સ્થાપિત ૩.૩૬ લાખ સોલર રૂફટૉપ સિસ્ટમ દ્વારા ૧૨૩૨ મેગાવૉટથી વધુ ઊર્જાનું ઉત્પાદન થયું છે, જે પરંપરાગત વીજ ઉત્પાદનના ૧૮૩૪ મિલિયન યુનિટ જેટલું છે. જો આટલી જ ઊર્જા કોલસા આધારિત પ્લાન્ટમાંથી ઉત્પન્ન કરવામાં આવી હોત, તો લગભગ ૧૨૮૪ મેટ્રિક ટન કોલસાનો વપરાશ થયો હોત. આ બચતને કારણે વાતાવરણમાં ૧૫૦૪ મેટ્રિક ટન કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જનમાં પણ ઘટાડો થયો છે.

પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજના શું છે અને તેના લાભ કોને મળી શકે છે?

પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજનાની શરૂઆત ફેબ્રુઆરી ૨૦૨૪માં વડા-ધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવી હતી. આ યોજના હેઠળ નાગરિકોને ૩૦૦ યુનિટ સુધી મફત વીજળી આપવાની સાથે ૩ kW સુધીની સિસ્ટમ પર ?૭૮ હજાર સુધીની સબસિડી આપવામાં આવે છે. છત ધરાવતો કોઈપણ ઘરમાલિક આ યોજના માટે પાત્ર છે. અરજીની પ્રક્રિયા સરળ છે અને https://pmsuryaghar.gov.in પર જઈને ઓનલાઈન કરી શકાય છે.

વહીવટી કાર્યક્ષમતા અને જનભાગીદારીના સહયોગથી ગુજરાત બન્યું શ્રેષ્ઠ

ગુજરાતમાં પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજનાની અભૂતપૂર્વ સફળતામાં વહીવટીતંત્રની દૂરંદેશી કામગીરીએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે, સાથે અહીંની જાગૃત જનતા અને સ્થાનિક સંસ્થાઓની સક્રિય ભાગીદારીએ પણ નોંધપાત્ર યોગદાન આપ્યું છે. રાજ્ય સરકારે દરેક ગામ અને શહેરમાં વ્યાપક જનજાગૃતિ અભિયાન ચલાવીને નાગરિકોને યોજનાના લાભો વિશે માહિતગાર કર્યા અને અરજી પ્રક્રિયાને સરળ અને સુલભ બનાવી. આ સમન્વિત અને સમર્પિત પ્રયાસો આજે ગુજરાતને નવીનીકરણીય ઊર્જાના ક્ષેત્રમાં દેશ માટે એક આદર્શ મૉડલ તરીકે સ્થાપિત કરી રહ્યા છે.

## હવામાન વિભાગ દ્વારા ૨૧ મે સુધી હળવાથી મધ્ય વરસાદની આગાહી

અમારા પ્રતિનિધિ તરફથી અમદાવાદ, તા. ૧૫: હવામાન વિભાગ દ્વારા ૧૭ મે સુધી રાજ્યમાં છૂટાછવાયાં સ્થળે વરસાદ વરસવાની આગાહી કરવામાં આવી છે. જેના કારણે અમુક સ્થળોએ વરસાદ પડતા મોટા ભાગનાં શહેરોમાં સરેરાશ કરતાં ઓછું જ તાપમાન નોંધાઈ રહ્યું છે. ત્યારે હવામાન વિભાગે અમુક સ્થળોએ આગામી ૪ દિવસ દરમિયાન બેથી ચાર ડિગ્રી તાપમાન વધવાનીપણ આગાહી કરી છે. તેની સાથે હવામાન વિભાગ દ્વારા ૨૧ મે સુધી હળવાથી મધ્ય વરસાદની પણ આગાહી કરવામાં આવી છે. જોકે આજે રાજકોટમાં ૪૧.૪ ડિગ્રી જેટલુ રાજ્યનું સૌથી મહત્તમ તાપમાન નોંધાયુ હતું.

આવતીકાલે દક્ષિણ ગુજરાતમાં વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી અને દમણમાં, દાદરા નગર હવેલી; ઉત્તર ગુજરાત પ્રદેશના જિલ્લાઓમાં જેમ કે સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહિસાગર; સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં જેમ કે રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, બોટાદ અને દીવમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. આ સંજોગોમાં મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રીની આસપાસ રહેશે તેવી આગાહી કરવામાં આવી છે. રાજકોટને બાદ કરતા વિવિધ શહેરો ૪૦ ડિગ્રીથી નીચે તાપમાન નોંધાયુ હતું. જેમાં અમદાવાદમાં ૩૮.૮, અમરેલીમાં ૩૯.૩, બરોડામાં ૩૮.૨, ભાવનગરમાં ૩૮.૨, ગાંધીનગરમાં ૩૮.૫, કંડલામાં ૩૯.૨ તેમજ સુરતમાં ૩૫.૬ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.

## શિક્ષકો માટે શાળા પસંદગી પ્રક્રિયાની અંતિમ તારીખ લંબાવાઈ

**અમારા પ્રતિનિધિ તરફથી અમદાવાદ, તા. ૧૫ :** ગુજરાત શિક્ષણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલી સરકારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી-૨૦૨૪ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં ધોરણ ૧૧-૧૨ માટે ૧૬૪૫ શિક્ષકોની નિમણૂકનો અંતિમ તબક્કો છે, ત્યારે ભરતીનું ફાઇનલ પરિણામ જાહેર થયા બાદ શિક્ષકોને શાળા પસંદગી પ્રક્રિયા માટેની તારીખ ૧૫ મે, ૨૦૨૫ હતી. જેમાં હવે શિક્ષણ વિભાગે તારીખ લંબાવતા આગામી ૧૭ મે, ૨૦૨૫ની રાત્રી ૧૧ઃ૫૯ સુધીમાં શાળા પસંદગી માટે ઓનલાઈન અરજી કરી શકાશે. જ્યારે આગામી ૨૦ મે પહેલા નિમણૂક હુકમ આપવાનો શિક્ષણ વિભાગનો નિર્ણય છે.

સરકારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી ૨૦૨૪ની ભરતીમાં ફાઈનલ પરિણામ બાદ ઉમેદવારોને શાળા પસંદગીની પ્રક્રિયા ચાલુ છે, ત્યારે શાળા પસંદગીની તારીખ લંબાવવામાં આવી છે. જેમાં શિક્ષણ વિભાગે બે દિવસનો વધારો કરીને ૧૭ મેની રાત્રી સુધીનો સમય ઉમેદવારોને આપ્યો છે. આ દરમિયાન ઉમેદવારોએ ઓનલાઈન શાળા પસંદગીને લઈને વધુ જાણકારી hgv.gserc.in આ લીંક પરથી મેળવી શકશે. જ્યારે ઓનલાઈન શાળા પસંદગી કરવા માટે ઉમેદવારોએ hgv.gserc.in આ લીંક પર ક્લિક કર્યા બાદ લોગઈન કરીને શાળા પસંદગી માટે અરજી કરી શકશે.

ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા તાજેતરમાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓને લઈને ૧૬૦૮ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરી હતી. જેમાં પછીથી અન્ય ૩૦૦૦ જગ્યા વધારવામાં આવી હતી. આમ ૧૬૪૫ જગ્યા સરકારી શાળા માટે અને ૪૩૩૦ જગ્યા ગ્રાન્ટેડ શાળાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરી હતી. હાલના ધોરણે સરકારી શાળામાં ભરતી પ્રક્રિયા પૂર્ણ કરાશે. આ પછી ગ્રાન્ટેડ શાળાઓમાં પસંદગી અને નિમણૂકની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

## સરકારે પેટ ડોગની રજિસ્ટ્રેશનની અંતિમ તારીખ ૩૧મે નક્કી કરી

**અમારા પ્રતિનિધિ તરફથી અમદાવાદ, તા. ૧૫ :** અમદાવાદના હાથીજણ વિસ્તારમાં ૪ મહિનાની બાળકીને પાલતું શ્વાને ફાડી ખાધાના સમાચારથી ઊંડા પ્રત્યાઘાતો પડ્યા છે. અમદાવાદ મનપાએ નીંદરમાંથી જાગી કડક કાર્યવાહી શરૂ કરી છે. ભવિષ્યમાં આ પ્રકારની ઘટના ન બને તે માટે કડક ગાઈડલાઈન્સ બનાવાઈ રહી છે. અમદાવાદમાં હાલ પેટ ડોગનું રજિસ્ટ્રેશન ચાલી રહ્યું છે, ત્યારે રજિસ્ટ્રેશનની અંતિમ તારીખ ૩૧ મે છે. ત્યારે જો પેટ ડોગના માલિક પોતાના પાલતુ શ્વાનનું રજિસ્ટ્રેશન નહીં કરાવે તો અમદાવાદ મહાનગરપાલિકા શ્વાન માલિકના ઘર અને ઓફિસરના નળ અને ગટરના કનેકશન કાપવા સુધીના પગલાં લઈ શકે છે.

અમદાવાદ મહાનગરપાલિકાએ શહેરમાં પાલતું શ્વાનના રજિસ્ટ્રેશનની પ્રોસેસ ૧ જાન્યુઆરીથી જ શરૂ કરી દીધી હતી. પરંતુ, પાલતું શ્વાન રાખનારા લોકો રજિસ્ટ્રેશનમાં નિરુત્સાહ હોવાનું સામે આવ્યું છે. અમદાવાદમાં ૫૦ હજાર પેટ ડોગ હોવાનો અંદાજ છે તેની સામે અત્યાર સુધીમાં (૧૩ મે) ૫૫૨૦ લોકોએ જ પોતાના પેટડોગનું રજિસ્ટ્રેશન કરાવ્યું છે. ૩૧ મે સુધીમાં જે લોકો પેટ ડોગનું રજિસ્ટ્રેશન ન કરાવે તેઓને નોટિસ ફટકારાશે અને પેનલ્ટીની રકમમાં પણ વધારો કરાશે. રજિસ્ટ્રેશનમાં બેદરકાર રહેનારા પેટ ડોગ માલિકોના ઘર અને ઓફિસના નળ અને ગટર કનેકશન પણ કાપી નાખવામાં આવી શકે છે.

આ ઉપરાંત અમદાવાદ મહાનગરપાલિકાએ કેટલ પોલિસીની માફક આગામી દિવસોમાં પેટ ડોગ પોલિસી લાવવાની પણ તૈયારીઓ શરૂ કરી છે. આ સાથે રાજ્ય કેબિનેટમાં આ મુદ્દે ચર્ચા થઇ હતી. આ ચર્ચાની ફળશ્રુતી જણાવતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું હતું કે, ચર્ચાના અંતે એવો નિર્ણય લેવાયો છે કે ડોગને પાળવા માટેના ચોક્કસ નિયમ બનાવવામાં આવશે.

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૧૭ અને ૧૮ મેનાં રોજ ગુજરાત આવશે

અમારા પ્રતિનિધિ તરફથી, અમદાવાદ,તા.૧૫ : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૧૭ અને ૧૮ મેનાં રોજ ગુજરાત આવશે અને ગાંધીનગર તેમજ અમદાવાદમાં કરોડોનાં વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં વિવિધ વિસ્તારનાં વિકાસલક્ષી પ્રોજેક્ટનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત મુલાકાત દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ રૂ. ૧૧૭ કરોડનાં ખર્ચે બનાવવામાં આવેલા પલ્લવ બ્રિજનું (Pallav Bridge) લોકાર્પણ કરશે. ઉપરાંત, ચાંદલોડિયા વોર્ડમાં ૧૪.૭૧ કરોડનાં ખર્ચે તૈયાર થયેલ ગજરાજ વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન ઓગમેન્ટેશનનું લોકાર્પણ કરશે.

આ ઉપરાંત જોધપુર વોર્ડમાં રૂ. ૯.૧૪ કરોડનાં ખર્ચે તૈયાર નવા વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે. RTO સર્કલ ખાતે ૨૫ લાખનાં ખર્ચે નવા બનેલા પિંક ટોયલેટનું લોકાર્પણ અને રેલવે તથા ફ્લાય ઓવરબ્રિજ નીચે બિનઉપયોગી એરિયાને ડેવલોપમેન્ટ કરી સ્પોર્ટ્સ એક્ટિવિટી બનાવવાનાં રૂ. ૩૭.૬૩ કરોડનાં કામોનું ખાતમુહૂર્ત કરશે. આ સાથે, ચીમનભાઈ પટેલ રેલવે બ્રિજ (Chimanbhai Patel Railway Bridge) સમાંતર નવો થ્રી લેન રેલવે ઓવરબ્રિજ બનાવવાનાં તથા સુભાષબ્રિજ તરફ એક પાંખ ઉતારવાનાં ૨૩૭.૩૨ કરોડનાં કામનું ખાતમુહૂર્ત કરશે. આ સિવાય, સરખેજ વોર્ડમાં (Sarkhej Ward) ૫.૩૬ કરોડના ખર્ચે રેન બસેરા બનાવવાનું કામ, સરખેજ વોર્ડમાં ૧૦.૨૯ કરોડના ખર્ચે સ્કૂલ બનાવવાનું કામ અને ચાંદલોડીયા વોર્ડમાં મોર્ડન સ્કૂલ બનાવવાના રૂ.૮.૦૩ કરોડના કામનું ખાતમુહૂર્ત કરશે.

## મહેસાણામાં એસએમસીએ એમડી ડ્રગ્સ સાથે ૩ને ઝડપી લીધા

**અમારા પ્રતિનિધિ તરફથી અમદાવાદ, તા. ૧૫ :** મહેસાણામાં સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે એમડી ડ્રગ્સ ઝડપી પાડ્યું હતું. ટીમને મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં આવેલા શોભાસણ બ્રિજ પાસેથી આ ડ્રગ્સ ઝડપી લીધું હતું. સ્ટેટ મોનિટરિંગની ટીમને શોભાસણ બ્રિજ પાસેથી ૩ લોકો જે શંકાસ્પદ જણાતા તેમની તપાસ કરી હતી. જેમાં સ્ટેટ મોનિટરિંગ સેલને આ ૩ લોકો પાસેથી કુલ ૯ લાખ ૮૦ હજારની કિમતનો ૯૮ ગ્રામ ડ્રગ્સનો જથ્થો ઝડપી લીધો હતો. ૩ આરોપીઓ પાસેથી ૯ લાખ ૮૦ હજારનો ડ્રગ્સનો જથ્થો ઝડપાતા સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે કાર્યવાહી હાથ ધરી હતી.

## ભારત-પકિસ્તાનના તણાવ વચ્ચે મોદી વિરુદ્ધ વિવાદિત પોસ્ટ કરનાર શખ્સ ઝડપાયો

અમારા પ્રતિનિધિ તરફથી અમદાવાદ, તા. ૧૫ : અરવલ્લીના એક શખ્સે ભારત-પકિસ્તાન વચ્ચે તણાવ ભરી સ્થિતિમાં વિવાદિત પોસ્ટ વાયરલ કરી હતી. આ વિવાદિત પોસ્ટને લઈને પોલીસે કાર્યવાહી શરૂ કરી હતી. ત્યારે હવે ક્રાઈમ બ્રાન્ચે બાયડના શરીફ ચૌહાણને ઝડપ્યો છે. વીડિયો એડિટ કરી લોકોને ગુમરાહ કરવાનો પ્રયાસ કરતા શખ્સ પર પોલીસે કાર્યવાહી આકરી કાર્યવાહી કરી છે. સાથે જ સૈનિકોની કામગીરીને બિરદાવવાના બદલે નાગરિકોમાં ભય ફેલાવવાનો પ્રયત્ન કર્યો હતો.

નોંધનીય છે કે અગાઉ સુરતના યુવકે પહલગામ હુમલાને લઈ વિવાદાસ્પદ ટિપ્પણી કરતા પોલીસે તેની ધરપકડ કરી હતી. યુદ્ધની સ્થિતિ વચ્ચે આપત્તિજનક વીડિયો અપલોડ કરનાર સામે પોલીસે કડક કાર્યવાહી કરી હતી. પોલીસે વીડિયો બનાવનાર દીપેનસિંહની ધરપકડ કરી હતી. ભારત અને પાકિસ્તાનના તણાવ વચ્ચે લોકોમાં ડરનો માહોલ પેદા કરનાર આ યુવક પોલીસે કાર્યવાહી કરી હતી. પોલીસે વિડીયો બનાવનર ઈસમની ધરપકડ કરી હતી.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM NITTINBHAI UTTAMBHAI PATEL TO NITINBHAI UTTAMBHAI PATEL ADDRESS: - 14/157, KATHERIYA NANI DAMAN-396210.

દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે કયુઆર કોડ સ્કેન કરો

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૩૯૯/૨૦૨૪

**અરજદાર : મોહનભાઈ બાવનભાઈ પટેલ,**
રહે. મંદિર ફળિયા, કાકડમટી, તા.જી.વલસાડ,

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, કાકડમટી, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **મોહનભાઈ બાવનભાઈ પટેલ** રહે.મંદિર ફળિયા, કાકડમટી, તા.જી.વલસાડનાઓએ તેમના પિતા **બાવનભાઈ શુક્કરભાઈ પટેલ**નું મરણ તા.૦૭-૧૨-૧૯૭૨ના રોજ મોજે. કાકડમટી, તા.જી.વલસાડ ખાતે થયેલ છે. જેઓના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા. ૧૦/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૩૯૯/૨૦૨૪**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)

**'ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ' વિષે જાણકારી**

torrent POWER DNHDD

દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લીમીટેડ, ટોરેન્ટ પાવરની એક પેટા કંપની, ગ્રાહકોને ઉચ્ચતમ સેવાઓ આપવા હરહંમેશ પ્રયત્નશીલ અને કટીબદ્ધ છે. ગ્રાહકો પોતાના પ્રશ્નો અને ફરિયાદો સહેલાઈથી જણાવી શકે અને તેનો ઉકેલ મેળવી શકે તે માટે કંપનીએ વિવિધ વિકલ્પો પ્રસ્થાપિત કર્યા છે, જે નીચે જણાવ્યા મુજબ છે :

- કસ્ટમર પોર્ટલ : connect.torrentpower.com
- મોબાઈલ એપ્લિકેશન : torrent power connect
- ૨૪x૭ હેલ્પલાઈન સુવિધા : ૯૦૯૯૯૯૧૯૧૨, ૧૮૦૦૨૩૩૯૫૦૦, ૧૯૧૨૬, ૧૮૦૦૨૭૦૫૫૫૧
- ઈ-મેઈલ સુવિધા : connect.dnhdd@torrentpower.com
- ગ્રાહક સેવા કેન્દ્રો : દમણ : પહેલો માળ, પાવર હાઉસ બિલ્ડિંગ, નાની દમણ; દીવ : દમણ અને દીવ સ્ટેટ કો.ઓ. બેન્ક પાસે, ફુદામ; સિલવાસા : ૧૦૯, વિદ્યુતભવન, સિલવાસા; ખાનવેલ : ખુટલી કોલોની, ખાનવેલ
- 'ટોરેન્ટ પાવર આપના દ્વારે' કાર્યક્રમ અને 'Doorstep' સુવિધાઓ : નિયમિત ધોરણે પંચાયતો ઉપર તથા જરૂરિયાત મુજબ

આ સુવિધા ઉપલબ્ધ કર્યા પછી ગ્રાહક અસંતુષ્ટ હોય તો તેઓ 'ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ'નો નીચે જણાવેલ માહિતીમાંથી પસંદ કરી સંપર્ક કરી શકે છે.

| દમણ | દીવ | સિલવાસા |
|---|---|---|
| બીજો માળ, પાવર-હાઉસ બિલ્ડીંગ, સત્ય નારાયણ મંદિર પાસે, નાની-દમણ, દમણ-૩૯૬૨૧૦ | દમણ અને દીવ સ્ટેટ કો.ઓપ.બેન્ક લિ. પાસે, ગંગેશ્વર મહાદેવ રોડ, ફુદામ, દીવ-૩૬૨૫૨૦ | રૂમ નં.૧૦૨, વિદ્યુત ભવન, સિલવાસા-૩૯૬૨૩૦ |

ફોન નં.: ૬૩૫૭૫૫૭૭૭૭ | ઇ-મેઇલ: consumerforumdnhdd@torrentpower.com

**UT Administration of Dadra & Nagar Haveli and Daman & Diu**
સમાજ કલ્યાણ અને મહિલા અને બાળ વિકાસ વિભાગ

વોક-ઇન ઇન્ટરવ્યૂ માટેની જાહેરાત

સમાજ કલ્યાણ તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગ, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ દ્વારા કેન્દ્ર સરકાર પ્રાયોજિત વિવિધ યોજનાઓ જેમ કે મિશન વાત્સલ્ય, મિશન શક્તિ, મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ 2.0 તથા વિભાગની અન્ય યોજનાઓ અંતર્ગત માત્ર ટૂંકા ગાળાના કરાર આધારિત નિમણૂક માટે લાયક અને ઇચ્છુક ઉમેદવારોના વોક-ઇન ઇન્ટરવ્યૂ માટે આમંત્રણ પાઠવવામાં આવે છે.

For details please scan
socialwelfaredaman@yahoo.com

No.: No.SW/Advertisement/2025-26/51
Date: 09.05.2025

NO.: IP/DMN/2/5/2025-26/476 DATED : 15/05/2025












દમણગંગા ટાઈમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઈમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Friday 16, May 2025

# દમણગંગા ટાઈમ્સ



VIMAL ENTERPRISE

શું તમે ગળતા ટેરેસ, બાથરૂમ લીકેજ તથા દિવાલમાંથી આવતા ભેજના લીધે પરેશાન છો ? તો ચિંતા નહિ!



આવી ગયું છે હવે, ''વિમલ એન્ટરપ્રાઈઝ'' જે તમને આધુનિક મશીન તથા ગેરંટી સાથે વોટરપ્રુફિંગ કરી આપવામાં આવશે

Mo. 9374135780

CONTACT:RAMBHAI KUSHWAHA.

Address: ઓફિસ નંબર 73 શિવ પૂજા સોસાયટી નંદાવલા વલસાડ-396001


## વલસાડમાં ડીએસપી કચેરી પાસે જ ડિવાઈડરમાં દારૂ ભરેલી કાર ભટકાઈ

**વલસાડ ડીએસપી કચેરી સર્કલ પાસે દારૂ ભરેલી કાર ડિવાઈડર સાથે અથડાતા સીસીટીવી કેમેરા થાંભલા અને થાંભલાને નુકસાન : કારમાંથી ૫.૪૯ લાખનો દારૂ મળ્યો પણ કાર ચાલક ફરાર**



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૧૫ :** આજરોજ વહેલી સવારે દારૂ ભરેલી કાર પૂર ઝડપે હંકારી લઈ જતી વખતે વલસાડ ડીએસપી સર્કલ પાસે કાર ડિવાઈડર સાથે અથડાતા કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સીસીટીવી પોલને તથા વીજ થાંભલા ને તોડી નાખી નુકશાન કરી ચાલક ફરાર થઈ જવાની ઘટના બનતા પોલીસ દોડતી થઈ ગઈ હતી. જોકે પોલીસે કારની અંદર તપાસ કરતા ૫.૪૯ લાખનો દારૂ સહિત કુલ રૂા.૧૨.૪૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

વલસાડ એલસીબી પીઆઈ ઉત્સવ બારોટની ટીમ ગઈકાલે રાત્રે પેટ્રોલિંગમાં ફરતી હતી તે દરમિયાન આજરોજ વહેલી સવારે એક કાર નંબર જીજે ૦૫ આરએલ ૯૬૬૫ કિયા સેલટોસ કારપુર ઝડપે હંકારતા પોલીસને શંકા જતા પોલીસે તેનો પીછો કરતાં કારપુર ઝડપે હંકારી લઈ જતી વખતે વલસાડના ધરમપુર રોડ ડીએસપી કચેરી સર્કલ તિથલ રોડ તરફ કાર તન મારતા કારચાલકના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા કાર સીધી ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાતા કરોડ ઉપર લગાવવામાં આવેલા કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સીસીટીવી પોલને તથા વીજ થાંભલા ને તોડી નાખી નુકસાન થયો હતો અકસ્માત બાદ કાર ચાલક કારમાંથી ઉતરી ભાગી છૂટ્યો હતો. પોલીસે કારની અંદર તપાસ કરતા દારૂની બાટલી નંગ ૧૯૦૭ કિંમત રૂપિયા ૫,૪૯,૩૨૧ તેમજ કાર ની કિંમત ૭ લાખ મળી કુલ ૧૨,૪૯,૩૨૧ના મુદ્દામાલ કબજે કર્યો હતો. દારૂ ભરેલી કાર ચાલકે કમાન્ડન્ટ એન્ડ કંટ્રોલના સીસીટીવી પોલ અને સ્ટ્રીટ લાઈટ વીજ થાંભલાને અંદાજે ૫૦,૦૦૦થી વધુમાં નુકસાન થયું હતું. વલસાડ એલસીબી પોલીસે દારૂ અંગે વલસાડ સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ એનાલિસિસ ના આધારે આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.






## વલસાડમાં ઓપરેશન સિંદુરની સફળતા તિરંગા યાત્રા સાથે મનાવાઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૧૫ :** ઓપરેશન સિંદુરની સફળતા બાદ રાષ્ટ્રની રક્ષા કરતાં જવાનોના સન્માનમાં આજરોજ સાંજે વલસાડ શહેરમાંથી ભક્તિ ગીતો સાથે વલસાડમાં શહિદ ચોક થી ભવ્ય તિરંગા યાત્રા નીકળતા મોટી સંખ્યામાં દેશભક્તો યાત્રામાં જોડાયા હતા. તિરંગા યાત્રા રામરોટી ચોક પર આવેલ શ્યામજી કૃષ્ણ વર્મા ચોક પર સમાપ્ત થઈ હતી.

રાષ્ટ્રની રક્ષા કરતા જવાનોના સન્માનમાં ગુજરાત રાજ્યમાં ઠેર ઠેર તિરંગા યાત્રા કાઢવાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે આજરોજ સાંજે ૫:૩૦ કલાકે વલસાડ શહેર માં તિરંગા યાત્રા કાઢવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નાણામંત્રી કનુભાઈ દેસાઈ, સાંસદ ધવલભાઈ પટેલ વલસાડ ધારાસભ્ય ભરતભાઈ પટેલ, વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ, જિલ્લા ભાજપ સંગઠનના કાર્યકર્તાઓ એ તિરંગા યાત્રામાં હાથમાં તિરંગા ઝંડો સાથે વલસાડ શહેરના શહિદ ચોક પર મોટી સંખ્યામાં દેશભક્તો એકત્રિત થયા બાદ ડી.જે. ઉપર ભક્તિ ગીત સાથે તિરંગા યાત્રા નીકળી હતી. આ તિરંગા યાત્રા વલસાડ શહેરના શહીદ ચોકથી જીવીડી સ્કૂલ, એમજી રોડ, આઝાદ ચોક થઈ વલસાડના રામરોટી ચોક પર આવેલ શ્યામજી કૃષ્ણ વર્મા ચોક પર સમાપન થયું હતું. તિરંગા યાત્રાં માં મોટી સંખ્યામાં દેશ ભક્તો જોડાયા હતા.

## શેરડીના પિલાણના મહત્તમ ભાવો સમયમર્યાદામાં મળે તે જોવા તાકીદ



**રાજ્યના નાણાં અને સહકાર રાજ્ય મંત્રીઓએ વલસાડ સુગરના નવા મેનેજમેન્ટ સાથે બેઠક યોજી**

**વલસાડ તા. ૧૫ :** રાજયના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ અને સહકાર રાજ્ય મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ આજરોજ વલસાડના પારનેરા પારડી ખાતે ઈન્ડિયન પોટાશ લી. સંચાલિત વલસાડ સુગર ફેક્ટરીની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત બાદ યોજાયેલી બેઠકમાં રાજયના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ અને સહકાર રાજય મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ ઈન્ડિયન પોટાશ લિ. ના મેનેજમેન્ટ સાથે ચર્ચા કરી હતી. રાજય સરકારના સહકાર વિભાગના ધારાધોરણ મુજબ સભાસદો (ખેડૂતો)ને તેમની શેરડીના પિલાણના મહત્તમ ભાવો સમયમર્યાદામાં મળે અને હાલના જે સભાસદો છે તેમાં વધારો થાય તેમજ જિલ્લાના વધુમાં વધુ ખેડૂતો આ સુગર ફેક્ટરીનો લાભ લે તે જોવા જણાવ્યું હતું.

આ બેઠકમાં રાજયના સહકાર સચિવશ્રી સંદીપકુમાર, ખાંડ નિયામકશ્રી એચ.એન.પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર એચ.એન.કાછડ, -ંત અધિકારી વિમલ પટેલ તેમજ સંબધિત વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.

## ડુંગરાનો બે વર્ષથી ફરાર આરોપી ઝડપાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૧૫ :** વાપીના ડુંગરા વિસ્તારમાં ગેરકાયદે તંબાકુ અને ગુટકાનું વેચાણ કરવાના ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસ્તો ફરતો આરોપી મોહસીન ખાન અને પારડી પોલીસની હદ મથકમાં ગેરકાયદે દારૂ ના ગુનાનો વોન્ટેડ આરોપી સંદીપ ભીમરા ને વલસાડ પેરોલ ફર્લો સ્કવોડની ટીમે વાપી ખાતેથી ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ વાપીના ડુંગરા પોલીસ મથકની હદ વિસ્તારમાં છેલ્લા બે વર્ષથી ગેરકાયદે ગુટકા અને તંબાકુનું વેચાણ કરવાના ગુનાનો વોન્ટેડ આરોપી વાપી ખાતે હોવાનું આજે વાપી પંથકમાં પેટ્રોલિંગ કરી રહેલી પેરોલ ફલો સકવોડ વલસાડની ટીમ ને મળતા તેઓએ તાત્કાલિક બાતમીવાળા સ્થળે વોચ રાખી આરોપી મુહૂસીન કલનખાન મજીદ ખાન ઉંમર વર્ષ ૩૩ રહે ઉત્તર પ્રદેશના ફરૂદાબાદના જરારી ગામને ઝડપી પાડી ડુંગરા પોલીસ મથકમાં સોપવામાં આવ્યો છે. ઝડપાયેલો આરોપી મોહસીન ખાન અગાઉ નવસારી જિલ્લાના ગણદેવી પોલીસ મથકે ગેરકાયદે દારૂની હેરાફેરી ના ગુનામાં ઝડપાઈ ચુક્યો છે. જ્યારે પારડી પોલીસ હદ મથક માં ગેરકાયદે દારૂની હેરાફેરી કરનાર છેલ્લા બે વર્ષથી વોન્ટેડ આરોપી સંદીપ ભાઈ શિડવા ભાઈ ભીમરા રહે કરજગામ ડુંગળીપાડા આંબોલી દાદરા નગર હવેલીને વાપી ખાતેથી ઝડપી પાડી પારડી પોલીસ મથકે સોપવામાં આવ્યો છે જે અંગે પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હદ ધરાય છે.

## વાપીમાં જનસેવા પાસે પાણીની લાઈનનું કામ બાકી : પાણી માટે રાહ જોવી પડશે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૧૫ :** વાપી મહાનગરપાલિકાના પાણી વિભાગ દ્વારા જીઆઈડીસી ચાર રસ્તા અને નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર આવેલ આઝાદ કાટા પાસે પાણીની પાઈપ લાઇનને ડાયવર્ટ કરવાની કામગીરી પૂર્ણ કરાય પરંતુ વાપી ટાઉનના જન સેવા હોસ્પિટલ સર્કલ પાસેની કામગીરી બાકી રહેતા હજુ એક દિવસ પાણી માટે વાપી વાસીઓએ વાટ જોવી પડશે.

VAPI MUNICIPAL CORPORATION
સેવા સહકાર સમૃદ્ધિ

પ્રાપ્ત વિગત મુજબ વાપી મહાનગરપાલિકા હદ વિસ્તારમાંથી પસાર થતા નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર જીઆઈડીસી ચાર રસ્તા ગોવિંદા કોમ્પ્લેક્સથી બલીઠા સલવાવ બિલખાડી સુધીની સર્વિસ રોડ ઉપર વરસાદી પાણીના નિકાલ માટે બનાવવામાં આવી રહેલી આરસીસી બોક્સ ગટરની કામગીરીમાં વચ્ચે પીવાના પાણીની પાઈપ લાઈન આવતી હોવાથી ડ્રેનેજ લાઈનની કામગીરી પૂર્ણ કરવામાં આવતી ન હોય જેને ધ્યાને મહાનગરપાલિકાએ આ સ્થળોએ પાણીની પાઈપલાઈનને ડાયવર્ટ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત આ કામગીરી આજે વાપી જીઆઈડીસી ચાર રસ્તા નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર આવેલ આનંદ ઈન હોટલ તેમજ હંગામી વાપી બસ ડેપો ની બાજુમાં આવેલ આઝાદ કાંટા પાસે પાઈપલાઈન ડાયવર્ટ કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે પરંતુ મોડી રાત સુધી વાપી ટાઉનના જનસેવા હોસ્પિટલ સર્કલ પાસે થી પસાર થતી પીવાના પાણીની પાઈપ લાઈનનું શિફ્ટિંગ કરવામાંની કામગીરી પૂર્ણ નહીં કરાતા આજે વાપી ટાઉનના કેટલાક વિસ્તારોમાં પીવાના પાણીનું વિતરણ સમયસર નહીં થશે જોકે શુક્રવારે તમામ કામગીરી પૂર્ણ થયા બાદ રાબેતા મુજબ પાણી પુરવઠો શરૂ કરવામાં આવશે.

## બીલીમોરા આર્મર બંદરે જર્જરિત જેટીનું રૂા.૧૦ કરોડના ખર્ચે નવનિર્માણ કરાશે



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા.૧૫ :** બીલીમોરા અંબિકા નદી કિનારે એક સદી વટાવી ચુકેલું આર્મર બંદર કાળક્રમે લુપ્ત થયું છે. બંદરની જેટી જર્જરિત અને જોખમી છે. જેને પગલે રૂ.૧૦ કરોડ ના ખર્ચે જેટી નું નવીનીકરણ હાથ ધરાશે.

બીલીમોરા અંબિકા નદી કિનારે આઝાદી કાળ અગાઉ દરિયાઈ માર્ગે દેશ વિદેશમાં વ્યાપાર કરવા આર્મર બંદર વિકસાવવા આવ્યું હતું. જ્યાંથી અંગ્રેજો તેમનાં સત્તાકાળ દરમ્યાન વિલાયતમાં સાગી લાકડું, સીસમ, વાંસ ની બનાવટ, તેજાના, મરી મસાલા આ બંદરથી નિકાસ થતા હતા. અહીં અરબી સમુદ્ર નજીક હોવાથી મોટા પ્રમાણમાં જહાજો ની આવનજાવન થતી હતી. તો સામે વિદેશ થી કાપડ, મશીનરી સહિતનો સામાન ભારત આવતો હતો. વિમાન સહિત ટ્રાન્સપોર્ટના વધારાને પગલે કાળક્રમે બંદરનું મહત્વ ઓછું થયું હતું. અને ક્રમશઃ બંદર લુપ્ત થયું હતું. અને જેટી જર્જરિત બની હતી. અહીં રેતીખનન ને કારણે વજનદાર ટ્રક ની અવરજવર થતા વધુ જોખમી બની છે. જે ગણેશ વિસર્જન વેળા સેંકડો વાહનો મૂર્તિ વિસર્જન માટે લાવવાની આશંકા થી સાવચેતી ના ભાગરૂપે જાહેર જનતા માટે પણ બંધ કરવામાં આવે છે. લાંબા સમયથી જેટીના નવીનીકરણની માંગ ઉઠી હતી. સરકાર એ માંગ ગ્રાહ્ય રાખી છે અને રૂ.૧૦ કરોડ ફાળવ્યા છે. ગુજરાત મેરી ટાઈમ બોર્ડ દ્વારા આ કામગીરી કરવામાં આવશે. જેના માટે સોમવારે મેરી ટાઈમ બોર્ડ ના અધિકારી ઓ અને દિલ્હી થી કન્સલ્ટન્ટ ની ટીમ એ સ્થાનિક બીલીમોરા નગરપાલિકાના અધિકારી, પદાધિકારીઓ સાથે સ્થળ મુલાકાત લીધી હતી. અને નવી જેટી બનાવવા ની કામગીરી માટે પ્રારંભિક કામગીરી ની તૈયારી આરંભી છે. ત્યારે રિવર ફ્રન્ટ વિહોણા બીલીમોરા શહેરને જેટીનું નજરાણું પ્રાપ્ત થશે.

## નંદાવલાથી ગાંજો અને દારૂ સાથે એક ઝડપાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા.૧૫ :** વલસાડ રૂરલ પોલીસને મળેલી બાતમી આધારે વલસાડના નંદાવલા ગામે રહેતા વેલ્ડરના ઘરે ગાંજો અને દારૂ હોવાની બાતમી આધારે છાપો મારતા તેના ઘરેથી ગાંજાનો જથ્થો ૩.૪૭૬ કિલોગ્રામ કિંમત ૩૭,૦૦૦ હજાર તથા દારૂની બાટલી નંગ ૧૨૮ કિંમત રૂપિયા ૧૮,૮૦૦ મળી કુલ ૬૧,૨૦૦ના મુદ્દામાલ સાથે ૨૮ વર્ષીય વેલ્ડરની ધરપકડ કરી છે.



વલસાડ રૂરલ પોલીસ મથકનાની હદમાં આવતા ગુંદલાવ પોલીસ ચોકીના ઈન્ચાર્જ અ.હે.કો.બીપીનભાઈ મકવાણાને બાતમી મળેલ કે વલસાડ નજીકના નંદાવલા ગામમાં સ્કૂલ ફળીયામાં રહેતા ઉર્વેશ ઉર્ફે સોમલો અનિલભાઈ પટેલ ઉ.વ.૨૮ જેઓ વેલ્ડીંગ નો ધંધો કરે છે અને તેમના ઘરે ગેરકાયદેસર રીતે માદક પદાર્થ ગાંજો રાખે છે તેવી જાણ થતાં રૂરલ પોલીસ મથકના પી.આઈ ભાવિક જીત્યા અને તેમની ટીમ સાથે છાપો મારતા ઉર્વેશ ઉર્ફે સોમલો અનિલ પટેલના ઘરમાંથી ગાંજાનો જથ્થો ૩.૪૭૬ કિલોગ્રામ કિંમત રૂપિયા ૩૭,૪૬૦ તથા દારૂની બાટલી નંગ ૧૨૮ કિંમત ૧૮,૮૦૦ તેમજ એક મોબાઈલ મળી કોલ ૬૧,૨૦૦ રૂપિયાના મુદ્દા માલ સાથે ઉર્વેશ પટેલની પોલીસે ધરપકડ કરી જેલમાં ધકેલી દીધો છે. વલસાડ રૂરલ પોલીસ મથકમાં એનડીપીએસ તથા પ્રોહિબિશન નો ગુનો નોંધી આગળની તપાસ પોલીસે હાથ ધરી છે.

## દમણમાં પ્રથમવાર બુદ્ધ જયંતિએ શાંતિ કૂચ યોજાઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**


**દમણ, તા.૧૫ :** બુદ્ધ જયંતિ નિમિત્તે, સંઘમિત્રા એજ્યુકેશનલ એન્ડ ચેરિટેબલ ફાઉન્ડેશન, દમણ દ્વારા ઉચ્ચ શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવા માટે દમણ, વાપી, સિલવાસાના વિદ્યાર્થીઓ માટે સ્વામી વિવેકાનંદ ઓડિટોરિયમ ખાતે મફત શૈક્ષણિક માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.



પ્રાપ્ત માહિતી અનુસાર, સંઘમિત્રા ફાઉન્ડેશને નાલંદા એકેડેમીના સહયોગથી બુદ્ધ જયંતિ નિમિત્તે દમણ, વાપી અને સિલવાસાના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે મફત શૈક્ષણિક માર્ગદર્શન શિબિર અને બુદ્ધ ધમ્મ શાંતિ માર્ચનું આયોજન કર્યું હતું. સ્વામી વિવેકાનંદ ઓડિટોરિયમથી શરૂ થયેલી શાંતિ કૂચ વડ ચોકી, દમણ બસ સ્ટોપ, ધોબી તાલાબ, મશાલ ચોક થઈ સરકારી કોલેજ થઈને પરત સ્વામી વિવેકાનંદ ઓડિટોરિયમ ખાતે પૂર્ણ થઈ હતી. બૌદ્ધ સાધુઓના નેતૃત્વમાં દમણમાં પહેલીવાર આ શાંતિ કૂચ કાઢવામાં આવી હતી, જેમાં સેંકડો લોકોએ ભાગ લીધો હતો. બુદ્ધ રથ દ્વારા બુદ્ધમ્ શરણમ ગચ્છામી, ધમ્મમ શરણમ ગચ્છામી સંઘમ શરણમ્ ગચ્છામીના નારા સાથે શાંતિ યાત્રા સંપૂર્ણ શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી. કૂચમાં ભાગ લેનારા બાળકો, મહિલાઓ અને પુરુષો સફેદ કપડાં પહેરીને શિસ્તબદ્ધ રીતે ચાલીને હાથમાં પંચશીલ ધ્વજ અને મીણબત્તીઓ લઈને નીકળ્યા હતાં.

## ખડકી હાઈવે પરથી ગેરકાયદે લઈ જવાતા ઘેંટા-બકરા ભરેલ ટ્રક ઝડપાઈ

**વાપી, તા.૧૫ :** વાપી હિંસા નિવારણ સંઘના ઉપપ્રમુખ રાજેશ ભાઈ હસ્તીમલ ભાઈ શાહ વલસાડથી વાપી જઈ રહ્યા હતાં ત્યારે તેમણે એક ટ્રક નંબર GJ-24-V-4178 માં ક્રૂરતા પૂર્વક ઘેટાં બકરાં વહન કરી જવાતા હોવાનું જોતા તુરંત પોલીસ કંટ્રોલ વલસાડને જાણ કરી હતી. તેથી પારડી પોલીસની પીસીઆર વાન ખડકી હાઈવે પર સ્વાગત હોટલ પાસે આવી પહોંચી હતી. ત્યાં નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર અમદાવાદ પાટણ થી મુંબઈ તરફ જઈ રહેલી ટ્રક રોકાવી ચેક કરતા ટ્રકમાં ૧૨૪ ઘેટાં બકરા ને અત્યંત ક્રૂરતા પૂર્વક ભરેલા હોવાનું જોવા મળ્યું હતું. તેથી ટ્રક ચાલક રણજીત સીવાજીભાઈ ઠાકોર રહેવાસી તા.સિધ્ધપુર જી.પાટણ નાઓને આ ઘેટા બકરાં વહન કરવા અંગે પાસ પરમીટ માંગતા તેણે પાટણ આર ટી ઓ કચેરીથી ઈસ્યુ કરાયેલ દર્શાવતી પરમિટ બતાવી હતી. જેના પર શંકા જતા તપાસ કરાવતા તે બનાવટી હોવાનું બહાર આવ્યું હતું. ત્યારેપારડી પોલીસ અધિકારીઓ ને ગુમરાહ કરવાના ઈરાદે ખોટા સર્ટિફિકેટ બનાવી ગુનો કરતા પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.




**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**